સુચીપત્ર.

આ પુસ્તક સાથે આ ભંડારના એક આગેવાન કાર્યવાહક ઝવેરી નગીનચંદ કપુરચંદનું ચિત્ર છે. જેઓશ્રીએ પોતાના પવિત્ર સદ્ગુરૂ શાંતમૂર્તિ મુનિરાજશ્રી મોહનલાલજી મહારાજના ઉપદેશથી એક જ્ઞાન મંદિરનું ભવ્ય મકાન સુરત ગોપીપુરામાં પુસ્કળ દ્રવ્ય ખરચી બાંધી આપેલું છે જેની અંદર ઉક્ત ગુરૂ મહારાજનું તથા તેમના શિષ્યોનું અથવા બીજા મહાત્માઓનું પુસ્તક રાખવાની યોજના છે. અને તે સમયે ઓછો ખર્ચ હોવાથી ઉપરાંત રૂ. ૨૫૦૦) પચીસસો તેને નિભાવવા માટે તેઓએ આપેલા છે. અને હજુ પણ ૧૦૦૦) રૂપીઆ આપેલા છે. તે સઘળું વિસ્તારથી શ્રીમન્ મોહનલાલજી જૈન શ્વેતાંબર જ્ઞાન ભંડાર સુરત ગોપીપુરાનું પુસ્તક લિસ્ટ ધારા ધોરણ વિગેરે છપાએલ છે, તે મંગાવીને વાંચવું, અને આ જ્ઞાન ભંડારની વ્યવસ્થા કમિટીમાં તેઓ શ્રીના પુત્ર રત્ન ફકીરભાઈ નગીનચંદ છે. જેમણે પોતાના પિતાના ચિર સ્મરણાર્થે અનેક ધર્માદા કાર્યોમાં ઉદાર રકમો આપેલી છે તે ઉપરાંત આ દશ વૈકાલિક ગ્રંથ છપાવવામાં પણ ૧૦૧) રૂપિયાની મદદ આપેલી છે. જો કે ઝવેરી નગીનચંદ કપુરચંદભાઈ

॥ॐ नमोवीतरागाय॥

શ્રી દશ વૈકાલિક સૂત્ર ભાગ ૩ જો

ભાષાંતર

અથ પાંચમું અધ્યયન.

હવે પિંડૈષણા નામનું પાંચમું અધ્યયન કહે છે કે આ અધ્યયનનો પૂર્વના અધ્યયન સાથે આ પ્રમાણે સંબંધ છે ચોથા અધ્યયનમાં સાધુનો આચાર, છ જીવ નિકાય ને આશ્રયી થાય છે, એવું કહ્યું હતું. અહીંયાં તો ધર્મકાય રહે છતે આ છ જીવ નિકાયની રક્ષા બને છે, અને ધર્મકાયને આહારવિના સ્વસ્થતા મુખ્યત્વે ન રહે, એ આહાર દોષિત અને નિર્વદ્ય એમ બે પ્રકારે છે, તેમાં નિર્વદ્ય આહાર સાધુઓ લેવો, એટલા માટે કહે છે,

नामंठवणापिंडो, दव्वे भावे अ होइ नायव्वो ।
गुडओयणाइ दव्वे, भावे कोहाइया चउरो ॥२३५॥

નામ પિંડ, સ્થાપના-પિંડ દ્રવ્યપિંડ ભાવપિંડ એમ ચાર ભેદે છે, નામ સ્થાપના સુગમ છે દ્રવ્ય પિંડમાં ગોળ, ભાત વિગેરે દ્રવ્ય છે, તે દ્રવ્ય પિંડ છે, અને ભાવ પિંડમાં ક્રોધ, માન, માયા, લોભ એ ચાર છે.

पिंडि संघाए जम्हा, ते उडया संघपाय संजोगे ।
संघायंति जीवं, कम्मेणट्ठप्पगारेण ॥ २३६ ॥

હવે તેના અનવર્થ કહે છે. પિંડ ધાતુ એકઠું કરવાના અર્થમાં છે. જેથી તે એકઠા થએલા, અને ધન વિપાક પ્રદેશ એ અન્યોન્ય ઉદય વડે એકઠા થએલા ક્રોધ વિગેરે સંસારી જીવને ચાર ગતિમાં પેલે છે, પણ કેના વડે? ઉત્તર આઠ પ્રકારના જ્ઞાના વરણીય વિગેરે આઠ કર્મ વડે એકઠા કરે છે. એટલા માટે ક્રોધ વિગેરે પિંડ છે.

दव्वेसणा उ तिविहा, सच्चित्ताचित्तमीसदव्वाणं ।
दुपयचउप्पयअपया,नरगयकरिसावगदुमाणं॥२३७॥

પિંડ કહીને હવે એષણા કહે છે. નામ સ્થાપના સુગમ છે. દ્રવ્ય એષણા ત્રણ પ્રકારે છે સચિત્ત અચિત્ત અને મિશ્ર દ્રવ્યની ત્રણ ભેદે છે. સચિત્તમાં બે પગવાળાં ચાર પગવાળાં તથા અપદ-

पिण्डेसणा य सव्वा संखेवेणोयरइ नवसु कोडीसु।
न हणइ न पयइ, न किणइ कारावणअणुमईहि नव॥
॥ २४० ॥

હવે. આ અધ્યયનનો શામાં. અવતાર થાય છે. તે કહે છે. પિંડેષણા જેના બેતાલીસ ભેદ ઉદ્‌ગમ વિગેરે છે. એ ટુંકાણમાં નવકોટીમાં અવતરે છે. તે આ પ્રમાણે છે (૧) પોતે ન હણે ન રાંધે ન ખરીદી કરે. અને બીજા પાસે ન હણાવે, ન રંધાવે ન ખરીદી કરાવે, તથા મારનારા રાંધનારા તથા ખરીદ કરનારને આજ્ઞા ન આપે પ્રસંસા પણ ન કરે, એટલે કરાવવું અને અનુમોદવું. તે પણ નિષેધ થયો. આ નવે પ્રકારની પિંડેષણા બે પ્રકારે કરાય છે.

सा नवहा दुह कीरइ, उग्गमकोडी विसोहिकोडी अ।
छसु पढमा ओयरइ, कीयतियम्मी विसोहि उ॥२४१॥

ઉદ્‌ગમકોટી અને વિશોધિકોટી છે. તેમાં હણવું. હણાવવું અનુમોદવું. રાંધવું, રંધાવવું. અને અનુમોદવું. તે ઉદ્‌ગમકોટી અને તેજ અવિશોધિ કોટી છે એટલે તેમાં તેનો સમાવેશ થાય છે. અને પાછલા ત્રણ ખરીદવું. ખરીદાવવું. અને ખરીદનારને ભલો જાણવો એ ત્રણ. વિશોધિકોટીમાં સમાય છે. તેજ વાત ભાષ્યકાર કહે છે

रागाई मिच्छाई, रागाई समणधम्म नाणाई ।
नव नव सत्तावीसा, नव नउइए य गुणगारा॥२४४॥

નવ, અઢાર, સત્તાવીશ, ચોપન, નેવુ, તથા બસોસીત્તેર આનો ભાવાર્થ—પૂર્વાચાર્યના કહેવા પ્રમાણે આ રીતે છે. ઉપર કહેલા નવ કોટી રાગ અને દ્વેષ એ બેએ ગુણવાથી અઢાર થાય, અને તે નવકોટીનેજ મિથ્યાત્વ અજ્ઞાન અનેઅવિરત વડે ગુણવાથી સત્તાવીસ થાય. તેને રાગદ્વેષ વડે ગુણવાથી ચોપન થાય તથા તે નવને દશ પ્રકારના શ્રમણ ધર્મ વડે ગુણવાથી નેવું વિશુદ્ધ ભેદ થાય છે. તથા તેને જ્ઞાન દર્શન ચારિત્ર એ ત્રણ ભેદે ગુણવાથી બસોસીત્તેર થાય છે. આ નામ નિષ્પન્ન નિક્ષેપો થયો હવે સૂત્ર આલાપક નિષ્પન્ન નિક્ષેપાનો અવસર છે. વિગેરે સર્વ પૂર્વે માફક છે. સૂત્ર અનુગમમાં અસ્ખલિત ગુણયુક્ત ઉચ્ચારવું જોઈએ. તે આ પ્રમાણે છે.

संपत्ते भिक्खकालंमि, अनंभंतो अमुच्छिओ ।
इमेण कमजोगेण, भत्तपाणं गवेसए ॥१॥
से गामे वा नगरे वा, गोअरग्गगओ मुणी ।
चरे मंदमणुव्विग्गो, अव्वक्खित्तेण चेअसा ॥२॥

આવી રીતે [illegible]

पुरओ जुगमायाए, पेहमाणो महिं चरे।
वज्जंतो वीअहरियाइं, पाणे अ दगमट्टिअं ॥३॥

સામે યુગ માત્ર એટલે પોતાના શરીર પ્રમાણ અથવા ગાડાના ઉંટડા પ્રમાણ જેટલી લાંબી દ્રષ્ટિ જમીન ઉપર રાખી ચાલે, અને તેમાં બીજ, હરિત ત્યાગે. આ બે વસ્તુના કહેવાથી એમ જાણવું કે સાધુએ દેખીને પગ મુકતાં તેમાં જે વનસ્પતિ પડી હોય તો તેના ઉપર પગ ન મુકે, તથા પ્રાણ તે બે ઇન્દ્રિય વિગેરે હાલતાં ચાલતાં નાનાં મોટાં જન્તુ કે જીવો હોય તે દેખે, તથા પાણી અને માટી અને તેથીજ અગ્નિ અને વાયુ પણ જાણવા. અર્થાત્ સાધુ પોતે પગ મુકતાં નીચે જુવે તથા બાજુએ જુવે કે મારાથી એકેન્દ્રિયથી તે પંચેન્દ્રિય સુધી કોઇપણ જીવ દુઃખ ન પામે.) આ ગાથામાં જે દ્રષ્ટિનું માપ બતાવ્યું છે તેનાથી લાંબી દ્રષ્ટિએ દેખે તો બરોબર જીવ રક્ષા ન થાય, અને ઘણું નજીક જોવું બનવું અશક્ય છે, માટે ધીમેથી જોઇને ચાલે.

ओवायं विसमं खाणुं, विज्जलं परिवज्जए।
संकमेण न गच्छिज्जा, विज्जमाणे परक्कमे ॥४॥

ત્રીજી ગાથામાં પરજીવની રક્ષા બતાવી અને આ ગાથામાં સ્વરક્ષા બતાવી કે પોતે અવપાત એટલે ખાડા નિચેટો ...

તેટલા માટે ભગવાનની આજ્ઞામાં રહેલો સાધુ ઉપર કહેલા ખાડા વિગેરેના માર્ગે બીજો માર્ગ હોય તો તેવે માર્ગે ન જાય, પણ માર્ગના અભાવે અથવા લાંબે દૂર જવાની શક્તિ ન હોય તો તે માર્ગે સંભાળીને ચાલે, પણ પોતાને કે બીજા જીવોને પીડા ન થાય, તેમ યત્નાથી ચાલે.

इंगालं छारियं रासिं, तुसरासिं च गोमयं ।
ससरक्खेहिं पाएहिं, संजओ तं नइक्कमे ॥ ७ ॥

હવે વિશેષ પ્રકારે પૃથ્વી કાયની યતના કહે છે. કોયલાનો રાશી (સમૂહ) તથા ખારનો તથા ચોખાના ફોતરાનો તથા છાણાનો સમૂહ હોય ત્યાં સચિત પૃથ્વીની રજ વિગેરેથી ખરડાયલા પોતાના પગ હોય તો તેમાં ન ચાલે કે પોતાનાથી તે ઢગલામાં ચાલતાં પૃથ્વીકાયની વિરાધના ન થાય.

न चरेज्ज वासे वासंते, महियाए वा पडंतिए ।
महावाए व वायंते, तिरिच्छसंपाइमेसु वा ॥८॥

આ સૂત્રમાં પાણીના જીવોની રક્ષા બતાવે છે. જ્યારે વરસાદ પડે ત્યારે સાધુ બહાર ન નીકળે, અને નીકળ્યો હોય તો ઢાંકેલી જગ્યાએ ઊભો રહે અથવા ઝીણી ફરફર પડે ત્યારે પણ ન નીકળે, અથવા જોરથી વાયરો વાતો હોય તો સાધુ બહાર ન નીકળે, કારણ કે તેમાં જમીનની સચિત રજ ઉડીને

તેટલા માટે ભગવાનની આજ્ઞામાં રહેલા સાધુ ઉપર કહેલા ખાડા વિગેરેના માર્ગે બીજો માર્ગ હોય તો તેવે માર્ગે ન જાય, પણ માર્ગના અભાવે અથવા લાંબે દૂર જવાની શક્તિ ન હોય તો તે માર્ગે સંભાળીને ચાલે, પણ પોતાને કે બીજા જીવોને પીડા ન થાય, તેમ યત્નાથી ચાલે.

इंगालं छारियं रासिं, तुसरासिं च गोमयं ।
ससरक्खेहिं पाएहिं, संजओ तं नइक्कमे ॥ ७ ॥

હવે વિશેષ પ્રકારે પૃથ્વી કાયની યતના કહે છે. કોયલાનો રાસી (સમૂહ) તથા ખારનો તથા ચોખાના ફોતરાનો તથા છાણાનો સમૂહ હોય ત્યાં સચિત્ત પૃથ્વીની રજ વિગેરેથી ખરડાયલા પોતાના પગ હોય તો તેમાં ન ચાલે કે પોતાનાથી તે ઢગલામાં ચાલતાં પૃથ્વીકાયની વિરાધના ન થાય.

न चरेज्ज वासे वासंते, महियाए वा पडंतिए ।
महावाए व वायंते, तिरिच्छसंपाइमेसु वा ॥८॥

આ સૂત્રમાં પાણીના જીવોની રક્ષા બતાવે છે. જ્યારે વરસાદ પડે ત્યારે સાધુ બહાર ન નીકળે, અને નીકળ્યો હોય તો ઢાંકેલી જગ્યાએ ઉભો રહે અથવા છલી ફરફર પડે ત્યારે પણ ન નીકળે, અથવા જોરથી વાયરો વાતો હોય તો સાધુ બહાર ન નીકળે, કારણ કે તેમાં જમીનની સચિત્ત રજ ઉડીને

બતાવે છે. અનાયતન એટલે વેશ્યા અથવા દુરાચારીનું સ્થાન ત્યાં વારંવાર જતાં ત્યાંના સંસર્ગથી પ્રાણાતિપાતવિરતિ વિગેરે. મહા વ્રતોને દુષણ લાગે છે. તથા તે સ્ત્રીના દર્શનથી ચિત્તમાં વિક્ષેપ થવાથી ઉત્તમ ભાવે બ્રહ્મચર્ય જાય છે. અને સાધુપણું મૂકી દેવાનો વખતે પણ થાય છે, તથા સાધુ ધર્મનું ભવિષ્યમાં શું થશે તેમાં પણ સંશય થાય છે. આ સંબંધમાં પૂર્વાચાર્યો આ પ્રમાણે કહે છે. વેશ્યા વિગેરે સ્ત્રીને દેખવાથી બ્રહ્મચર્ય ખંડન કરવાનું મન થાય છે. તથા તેને સુંદર દેખીને તેમાં ચિત્ત લીન થતાં શુદ્ધ એષણા દેખવાનું ભૂલતાં સચિત્ત લેતાં હિંસાનો દોષ આવે છે. તથા વાતચિત્તમાં બીજી વાત કરતાં જુઠ બોલવાનો દોષ લાગે છે, તથા જીનેશ્વરે વેશ્યાના દર્શનનો નિષેધ કરેલો હોવાથી તેને દેખતાં અદત્તાદાન-(ચોરી)નો દોષ લાગે છે. તેના રૂપથી પ્રેમ થતાં પરિગ્રહનો દોષ લાગે છે આ પ્રમાણે વેશ્યા અથવા ખરાબ સ્ત્રીના ઘરનો ગોચરી જતાં સાધુના પાંચે મહાવ્રતોનો નાશ થાય છે.

तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
वज्जए वेससामंतं, मुणी एगंतमस्सिए ॥११॥

હવે ઉપરની બે ગાથામાં જે કહ્યું તેનું નિગમન (સાર) બતાવે છે કે આ પ્રમાણે દુર્ગતિના દોષને વધારનાર વેશ્યા

આકાશમાં દેખતો ન ચાલે તેમ ભાવથી ઉંચ કુલનો ગર્વ કરતો ન ચાલે તેમ અનવનત એટલે દ્રવ્યથી નીચું દેખતો ન ચાલે અને ભાવથી લબ્ધિ વિનાનો હોવાથી દીન પણું બનાવતો ન ચાલે અપ્રહૃષ્ટ એટલે હસતું નહી, તથા અનાકુલ એટલે ક્રોધાદિ રહીત તથા ઇંદ્રિયોને 'જહા ભાગં' એટલે યથા યોગ્ય બને તેટલી દમન કરીને મુનિ ચાલે. આ પ્રમાણે ન ચાલે તો ઘણા દોષો લાગે છે. તે બતાવે છે. જેમકે આકાશમાં જોતો ચાલે તો લોકો તેની હાંસી કરે, કે ત્યાગી થઇને ઉંચે શું જોતો હશે ? તથા અભીમાન કરવાથી ઇર્યા સમિતિ નપળે તથા ઘણું નીચું જોઇને ચાલેતો લોકો કહેશે કે આ કોઇ બગલાની માફક ઠગ છે. અને દીનપણું બનાવે તો તેને લોકો ક્ષુદ્ર. સત્વ (રાંકડે.) ગણી લે હસતો ચાલે તો કોઇ બાઇનો સગો વહાલો ને શક આવે કે તેને જોઇને હસે છે, તથા આકુળ ચાલેતો તેમાં પણ તેજ દોષ આવે, અને ઇન્દ્રિયો દમન ન કરે, તો તે દીક્ષાને અયોગ્ય છે.

दवदवस्स न गच्छेज्जा, भासमाणो अ गोअरे।
हसंतो नाभिगच्छिज्जा, कुलं उच्चावयं सया॥१४॥

[illegible] ન ચાલે તથા [illegible] ન ચાલે તથા હસતો પણ ન ચાલે તથા [illegible] આવે તો તેમાં [illegible] (૧) [illegible]

હોય અથવા સંક્લેશનાં સ્થાન હોય તેને સાધુ દૂરથી તજે કારણકે, મોટા પુરૂષોના ઘરમાં, અનેક પ્રકારની છાની વાત હોય તે જાહેર ન થવા દેવા માટે તેઓ બંદોબસ્ત રાખે છે. તેમાંની વાત બહાર પડેતો સાધુ ઉપર શક આવે છે. અને તેથી સાધુને પીડા પણ કરે.

पडिकुट्ठकुलं न पविसे, मामगं परिवज्जए ।
अचिअत्तकुलं न पविसे, चिअत्तं पविसे कुलं॥१७॥

જે ઘરો નિષેધ કરવા યોગ્ય હોય તે કહે છે. થોડા કાળ માટેનાં તે સુતક વાળાં ઘરો તથા ઘણા કાળ માટેનાં તે જે ઘરવાળે અનાચાર કરવાથી લોકોએ તજેલાં હોય તે ઘરમાં સાધુ ગોચરી ન જાય. જાય તો જૈનધર્મની લોકો નિંદા કરે તથા કોઈ ગૃહસ્થ એમ કહે કે. મારા ઘરમાં ના આવવું, તો ત્યાં ન જાય. તેમ જેને દેખવાથી, સાધુ ઉપર અ પ્રીતિ થાય એટલે જે કે તેઓ મોંઢે કાંઈ કારણને લઈને ના નકહે પણ મન મેલું કરે તો ત્યાં સાધુએ ગોચરી ન જવું, પણ ચિયત્ત એટલે જેગને આપતાં ધર્મ ભાવના વધે ત્યાં ગોચરી જવું, તેથી દાન દેનારને પણ મહાન પુન્ય બંધાય છે.

साणीपावारपिहिअं, अप्पणा नावपंगुरे ।
कवाडं नो पणुल्लिज्जा, उग्गहंसि अजाइआ॥१८॥

સાણી ટાટનો અથવા કપડાનો પડદો હોય, અથવા પ્રાવાર

ઘાત થાય આ બન્ને શરીરને નુકશાન કર્તા છે માટે સોબતી હોય તેને પાતરાં વિગેરે સોંપીને ગોગ્ય સ્થાનમાં અચિત્ત પાણી લઇ જઇને વિધિએ કારે. વીશાબકરે આ સંબંધમાં ઓઘ નિર્યુક્તિ નામના સૂત્રમાં વિશેષ ખુલાશો છે ત્યા જેવો,

णीअदुवारं तमसं, कुट्ठगं परिवज्जए ।
अचक्खुविसओ जथ्थ, पाणा दुप्पडिलेहा(हगा) ।२०।

નીચો દરવાજો હોય તથા અંધારા વાળો ઓરડે હોય તેમાં સાધુ ગોચરી નલે કારણકે તેમાં પડેલી ચીજ અંધારાને લીધે નદેખાય તેથી ચીજ લેવા જતાં દેખીને ચાલવું કે લેવું તે નબને, અને તેથી પોતાને કે બીજાને દુઃખ થવાનો પ્રસંગ આવે એ પ્રમાણે જ્યાં પોતાની આંખ કામ નકરે ત્યાં જીવ રક્ષા નથાય, માટે તેવા સ્થાનમાં નજવું,

जत्थ पुप्फाइं वीआइं, विप्पइन्नाइं कुट्ठए ।
अहुणोवलित्तं उल्लं, दट्ठूणं परिवज्जए ॥२१॥

જ્યાં ફુલો અનેક જાતનાં જાઈ, ગુલાબ, મોગરો વીગેરે પડેલાં હોય, અથવા બીજ તે દાંગર, ઘઉં વીખેરેલાં કોઠારમાં અથવા દરવાજામાં પડેલાં હોય, અથવા તુરતનું લીપેલું ભીનું હોય તો, ત્યાં સાધુ તેવું જોઇને તેમાં દાખલ નથાય, કારણકે, બીજા જીવની હીંસા થાય તો સંયમનો ઘાત થાય, અને પોતાને, લાગેતો આત્મ ઘાત થાય,

[illegible]

णीअडुवारं तमसं, कुट्ठगं परिवज्जए ।
अचक्खुविसओ जत्थ, पाणा दुप्पडिलेहिआ (गा) ।२०।

[illegible]

जत्थ पुप्फाइं बीआइं, विप्पइण्णाइं कुट्ठए ।
अहुणोवलित्तं उल्लं, दट्ठूणं परिवज्जए ॥२१॥

[illegible]

ગોચરીમાં ગએલો સાધુ ગૃહસ્થના ઘરમાં જેટલી મર્યાદા બાંધી હોય, તેનાથી આઘીક દૂર નજાય, તેથી તેના ઘરની મર્યાદા જાણીને તે આપવાની ભૂમી સુધી જાય. જેથી દાન દેનારને અપ્રીતિ નથાય,

तत्थेव पडिलेहिज्जा, भूमिभागं विअक्खणो ।
सिणाणस्स य वच्चस्स, संलोगं परिवज्जए ॥२५॥

ત્યાં ઉભા રહેવાની જગ્યામાં શાસ્ત્રમાં બતાવેલી વિધિએ વિચક્ષણ સાધુ જમીનને દેખીને ઉભો રહે, પણ ગૃહસ્થની સ્નાન (નહાવાની જગ્યા) તથા જાજરૂ (પીશાબની) જગ્યા તરફ નજુવે, કારણકે ત્યાં સ્ત્રી વિગેરે ઉઘાડાં બેઠાં હોયતો તેને દુઃખ થાય ઘરવાળા માણસોને પણ શંકા થાય, અથવા પોતાને પણ મોહ થાય, વિચક્ષણ શબ્દથી જણાવ્યું, કે ગોચરીમાં વિદ્વાન સાધુએ જવું, અને તેથી અગીતાર્થનો નિષેધ કર્યો,

दगमट्टिअआयाणे, बीआणि हरिआणि अ ।
परिवज्जंतो चिट्ठिज्जा, सव्विंदिअसमाहिए॥२६॥

પણી કે માટીને લાવવાનો રસ્તો હોય, તથા રસ્તામાં બીજ કે વનસ્પતિ પડયાં હોય તો તે છોડીને તેને ઘાત નથાય તેમ પોતાની બધી ઇન્દ્રિયો વશ રાખીને ઉભો રહે.

तत्थ से चिट्ठमाणस्स, आहरे पाणभोअणं ।
अकप्पिअं न गेण्हिज्जा, पडिगाहिज्ज कप्पिअं॥२७॥

संमद्दमाणी पाणाणि, बीआणि हरिआणि अ ।
असंजमकरिं नच्चा, तारिसं परिवज्जए ॥२९॥

દાન આપનારી આઈ ચાલતાં જે વચમાં કીડી, મંકોડી વિગેરે પ્રાણી હોય તેને દુઃખ દેતી ચાલે, અથવા વચમાં દાણા કે વનસ્પતિ પડેલાં હોય તેને દાબતી ચાલે તો તેને સાધુના કારણે અસંયમકારી એટલે જીવોને પીડનારી સમજી તેની પાસેથી આહાર ન લે, અને કહે કે આવી રીતે દાન આપનાર પાસેથી અમોને લેવું ન કલ્પે.

साहट्टु निक्खिवित्ता णं, सचित्तं घट्टियाणि य ।
तहेव समणट्ठाए, उदगं संपणुल्लिया ॥३०॥

કોઈ બાઈ એક વાસણમાંથી લઈ બીજા વાસણમાં નાંખીને વહોરાવે, તો ન લેવું, તેના નિચે મુજબ ભેદ છે.

तंफासुगमवि वज्जाए, तत्थ फासुए फासुयं साहरइ फासुए अफासुअं साहरइ अफासुए फासुयं साहरइ अफासुए अफासुअं साहरइ, तत्थजं फासुअं फासुए साहरइ, तत्थवि थेवे थेवं साहरइ थेवे बहुअं साहरइ, बहुए थेवं साहरइ बहुए बहुअं साहरइ,।एवमादि यथा पिण्ड निर्युक्तौ।

ન્ય વાત કહીને તેમાં વિશેષ બતાવવું હોયતો ફરી જુદું નામ કહે જેમકે બ્રાહ્મણો આવ્યા પણ તેમા પ્રખ્યાત વશિષ્ટ હોય તો પછી કહેકે વશિષ્ટ પણ આવ્યા છે એમ કહેવાય છે એટલે વેહોરાવનાર પાણીને દુઃખ દઈને ભાત ઓસામણ વિગેરે વોહોરાવે તો લેવું નહી અને કહેવું કે મને તે નકલપે,

पुरेकम्मेण हत्येण, दव्वीए भायणेण वा।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥३२॥

દાન આપનાર આપવા પહેલાં કાચા પાણીથી સાધુ માટે હાથ ધુવે અથવા કોઈ કડછી અથવા તપેલી વીગેરે કાચા પાણીથી ધોઈને વેહોરાવેતો કહેકે અમને તેવું નકલપે,

एवं उदउल्ले ससिणिद्धे, ससरक्खे मट्टिआउसे।
हरिआले हिंगुलए, मणोसिला अंजणे लोणे॥३३॥

એજ પ્રમાણે કાચા પાણીથી હાથ ભીના હોય અથવા કાચા પાણીનાં ટીપાં પડતાં હોય તેવા ભીના હાથે વેહોરાવેતો નલેવું (સ્નિગ્ધ એટલે થોડાપાણી વાલો હોયતો પણ નલેવું) તથા રેતીથી તથા ગારાથી તથા ઉસથી એટલે કોઈ પણ ખારથી અથવા હડતાલ હીંગલોક તથા મણશીલ વિગેરે પૃથ્વી કાયની કંઈ પણ ચોજથી હાથ ખરડેલો હોય તો નલેવું અથવા અંજન ધાતુ તથા નીમક (મીઠુ) વિગેરેથી હાથ ખરડાયલા

હોય નહોગતો બાઈ દાદયા બાદયા વિના ત્યાં મિશ્રીનેજ દાન
આપે તો સ્થવિર કલપીને લેવું પડે પણ જીન કલપી મુની
ને જ્યારથી ગર્ભ રહે ત્યારથી તે ઠેઠ સુધી પણ લેવું
નથી એવો સંપ્રદાય છે. તે કહી ઉઠીને આપે તો બાઈને
કલેવું કે અમોને લેવું યોગ્ય નથી,

थणगं पिज्जेमाणी, दारगं वा कुमारिअं।
तं निक्खिवित्तु रोअंतं, आहरे पाणभोअणं॥४२॥

બાળક ધાવતુ અથવા ખોળામા રમતુ હોય પછી તે બાળક
બાલીકા અથવા નપુંસક છોકરું હોય તેને નીચે જમીન ઉપર
રોતું મૂકીને વોહોરાવવા ઇચ્છે તો તેના હાથનું ખાવાપીવાનું
લેવું નકલપે અહીયાં પૂર્વાચાર્યના આ નિયમો છે. સ્થવિર કલ્પી
સાધુ બાળક ધાવતું હોય તેને બાઈ મૂકીદે બાળક રડે અથવા
નરડેતોપણ લેવું નકલપે પણ તે બાળકને બીજી બાઈ ધવરાવે
અથવા મોટું બાળક હોય તેને બીજું ખાવાનું આપે અને નરડે
લેવું કલપે પણ બાળક રૂવે તો નકલપે, તથા બાળક તે
સમયે ધાવતું ન હોય પણ ધાવવા યોગ્ય હોય અને રડેતો
નકલપે, પણ નરડેતો લેવું કલપે જીનકલ્પી મુનીઓના
આ નિયમ છે કે ધાવવા યોગ્ય બાળક ચાહે રડે ચાહે
ન રડે ધાવતું હોય અગર નહોય તોપણ તેના હાથનું લેવું
નકલપે પણ જ્યારે બાળક બીજું પીવા ઇચ્છતો હોયતો

અને ખાવાના બન્ને અર્થમાં વપરાય છે તે જમતા હોય અથવા બીજાને જમાડતા હોયતો બંન્ને માલીક પાસેથી તેમની ઈચ્છા અનુસાર લેવું,

गुव्विणीए उवण्णत्थं, विविहं पाणभोअणं ।
भुंजमाणं विवज्जिज्जा, भुत्तसेसं पडिच्छए ॥३९॥

બાઈ ગર્ભવતી હોય તેના માટે બનાવેલું હોય તેવું અનેક પ્રકારનું ખાવા પીવાનું હોય તે નલેવું, પણ તે તેણ વાપરી રહ્યા પછી વોહરાવેતો લેવું કલ્પે,

सिआ य समणट्ठाए, गुव्विणी कालमासिणी ।
उट्ठिआ वा निसीइज्जा, निसन्ना वा पुणुट्ठए॥४०॥

સાધુના માટે પૂરા માસ થએલી ગર્ભવાલી બાઈ બેઠી ઉભી થાય અથવા વોહરાવવા ઇચ્છે અથવા ઉભેલી હોય અને બેસીજાય અથવાબેઠેલી ફરીથી ઉઠે તો તેના હાથનું લેવું નખપે

तं भवे भत्तपाणं तु, संजयाणं अकप्पिअं ।
दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥४१

કારણકે તેનુ વોહરાવેલુ ખાવાપીવાનુ અચિત્ત હોય તો પણ ગર્ભને તથા બાઈને પીડાનુ કારણ જાણી સાધુને લેવું નકલ્પે પણ આટલો ભેદ છે કે દાન આપનાર ઘરમાં બીજુ

તેપીતા રડે અથવા નરડે તોપણ નલેવું અથવા નપીતોહોયને રડે તોપણ તેને છોડે તો પણ નલેવુ જો નરડેતો લે, આ બધાનું કારણ શિષ્ય પુછેછેકે શામાટે નલેવું ઉત્તર-તે બાળકને જમીનપર મુકતા અને ખરડાએલા હાથે પાછો લેતાં અસ્થિરપણાથી લેના બાળકને દુઃખ થાય અથવા બિલાડી નના અસમર્થ બાળકને માસનો લોચો જાણી ઉપાડી પણ જાય તેનો દોષ સાધુને લાગે,

तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दितिअ पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४३॥

માટે ઉપર બતાવેલા દોષોને સમજી સાધુએ ત્યાં આહાર પાણી બાઈ આપતી હોય તો પણ બાળકવાળી બાઈ પાસેથી ન લેવું. અને કહેવુ કે અમને લેવુ ન કલ્પે

जं भवे भत्तपाणं तु, कप्पाकप्पंमि संकिअं ।
दितिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४४

આ બધી શીખામણ આપીને આચાર્ય મહારાજ કહે છે કે સાધુઓએ વિચાર કરીને કોઈપણ જીવને પીડા ન થાય તેવી રીતે યોગ્ય આહાર હોય તો લેવો, પણ તેના યોગ્ય ન હોય તથા આ સાધુના માટે બનાવ્યુ છે, એવી શંકા પણ પડે તો કહેવુ કે અમને આ લેવુ ન કલ્પે

दगवारेण पिहियं, नीसाए पीढएण वा ।
लोढेण वावि लेवेण, सिलेसेण व केणइ ॥४५॥

[illegible]

तं च उब्भिंदिउं दिज्जा, समणट्ठाए व दावए ।
देंतियं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥४६॥

[illegible] હોય તો લેવું કલ્પે.)

असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।
जं जाणिज्ज सुणिज्जा वा, दाणट्ठा पगडं इमं ॥४७॥

ઉચિત નથી (કે. સાધુ દેતાં દાતાના સાધુને ઇર્ષા ઉત્પન્ન થાય તથા શ્રાવકોને કહેકે તમારા સાધુઓને શા માટે તમો આપતા નથી એમ કહી અપમાન કરે)

उद्देसिअं कीअगडं, पूइकम्मं च आहडं ।
अज्झोअर पामिच्चं, मीसजायं विवज्जए ॥५५॥

હવે જે સાધુઓના માટેજ બનાવ્યું હોય તે ઔદ્દેશિક લેવું નકલ્પે, તથા સાધુના માટે વેચાતું લાવીને આપે તો તે નકલ્પે તથા પોતાના માટે ગૃહસ્થે બનાવ્યું હોય તેમાં સાધુ નિમિત્તે બનાવેલો આહાર ભેળવેલો તે પૂતિ કર્મ દોષ કહેવાય તે લેવું નકલ્પે, તથા ગૃહસ્થના ઘરમાંથી અથવા ગામમાંથી સાધુ નિમિત્તે સામે લાવીને આપે તો તે આહૃત દોષ છે, તથા પોતાના માટે રસોઈ કરી હોય તેમાં સાધુ આવેલા જાણીને સાધુ માટે થોડું વધારે રાંધે તો અધ્યવપૂરક દોષ લાગે, તથા પ્રમિત્ય એટલે સાધુમાટે બીજાનું ઉછીનું લાવીને આપે તે છે, અને સાધુ તથા ગૃહસ્થ એ બન્નેનું પહેલેથીજ રંધાય તે મિશ્ર દોષ આપ્રમાણે જે દોષિત આહાર હોય તે સાધુને લેવો નકલ્પે.

उग्गमं से अ पुच्छिज्जा, कस्सट्ठा केण वा कडं? ।
सुच्चा निस्संकिअं सुद्धं, पडिगाहिज्ज संजए॥५६॥

હવે સંશય દૂર કરવા કહેછે ગૃહસ્થને ત્યાં આહાર લેતાં સંશયપડે કે આ સાધુના માટે બનાવ્યું છે કે તેના માલીકને

तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥५०॥

પૂન્યાર્થે ઉપર બતાવેલો આહાર કોઇ આપેતો કહેવું કે અમને તે લેવો ઉચિત નથી

असणं पाणगं वावि, खाइमं साइमं तहा।
जं जाणिज्ज सुणिज्जा वा, वणिमट्ठा पगडं इमं॥५१॥

આગાથામા વનિપક એટલે કૃપણુ તેના માટે બનાવ્યું હોય

तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥५२॥

તો સાધુએ કહેવું કે અમોને લેવું ઉચિત નથી

असणं पाणगं वावि, खाइमं साइमं तहा।
जं जाणिज्ज सुणिज्जा वा, समणट्ठा पगडं इमं॥५३॥
तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥५४॥

તે પ્રમાણે એમ જાણેકે સાંભળેકે બૌદ્ધના સાધુઓના માટેજ રસોઈ બનાવેલીછે તે આપે તોપણુ કહેવુંકે અમને લેવું

ઉચિત નથી (જો સાધુ લેતો બૌદ્ધના સાધુઓને ઇર્ષા ઉત્પન્ન થાય તથા શ્રાવકોને કહેકે તમારા સાધુઓને શા માટે તમો આપતા નથી એમ કહી અપમાન કરે.)

उद्देसिअं कीअगडं, पूइकम्मं च आहडं ।
अज्झोअर पामिच्चं, मीसजायं विवज्जए ॥५५॥

હવે ખાસ સાધુઓના માટેજ બનાવ્યું હોય તે ઔદ્દેશિક લેવું નથી, તથા સાધુના માટે વેચાતું લાવીને આપે તો તે નકલ્પે તથા પોતાના માટે ગ્રહસ્થે બનાવ્યું હોય તેમાં સાધુ નિમિત્ત બનાવેલો આહાર ભેળવેતો તે પૂતિ કર્મ દોષ કહેવાય તે લેવું નથી, તથા બહારગામથી અથવા પરાંમાંથી સાધુ નિમિત્તે સામે લાવીને આપે તો તે આહૃત દોષ છે, તથા પોતાના માટે રસોઇ કરી હોય તેમાં સાધુ આવેલા જાણીને સાધુ માટે થોડું વધારે રાંધે તો અધ્યવ પૂરક દોષ લાગે, તથા પ્રામિત્ય એટલે સાધુમાટે બીજાનું લુંટીને આપે તે છે, અને સાધુ તથા ગ્રહસ્થ એ બંન્નેનું પહેલેથીજ રંધાય તે મિશ્ર દોષ આપ્રમાંહે જે દોષિત આહાર હોય તે સાધુને લેવો નકલ્પે.

उग्गमं से अ पुच्छिज्जा, कस्सट्ठा केण वा कडं? ।
सुच्चा निस्संकिअं सुद्धं, पडिगाहिज्ज संजए॥५६॥

હવે સંશય દૂર કરવા કહેછે ગ્રહસ્થને ત્યાં આહાર લેતાં શંકાપડે કે આ સાધુના માટે બનાવ્યું છે તો તેના માલીકને

અથવા નોકરને પૂછવું કે આ કોના માટે બનાવ્યું છે અને પૂછવાથી ખાત્રી થાય કે સાધુ માટે નથી પણ બીજા માણસો અથવા તેમને માટે છે તો શુદ્ધ બુદ્ધિથી વિચારીને લેવું પણ વિચાર કર્યા વિના લે, તો દોષ લાગે.

असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।
पुप्फेसु हुज्ज उम्मीसं, बीएसु हरिएसु वा॥५७॥
तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥५८॥

ખાવા પીવા વિગેરેની વસ્તુમાં જાઈ પાટલ વિગેરેના ફુલ હોય અથવા બીજ હોય અથવા હરિત (શાક વિગેરે હોય તો સાધુને લેવું નઘટે આપે તો કહેવું કે અમારે ઉચિત નથી,

असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।
उदगंमि हुज्ज निक्खित्तं, उत्तिंगपणगेसु वा॥५९॥
तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं।
दिंतिअं पडिआइक्खे,-न मे कप्पइ तारिसं॥६०॥

તે પ્રમાણે આહારમાં કાચું પાણી જોડે હોય અથવા ઉત્તિંગ (કીડીનું દર કીડીઆરૂ) હોય અથવા પનક (લીલ

આરેલી) હોય તેમાં આહાર પડયો હોય તો તે આહાર નહેવો પાણીમાં મુકેલું બે પ્રકારે છે (૧) એકતો તદન જોડે જેમકે પાણીમાં ખાવાની વસ્તુ મુકી હોય (૨) અને એક આંતરે હોય જેમકે પાણીના ઘડા ઉપર હણીનું વાસણ મુકેલું હોય તે પ્રમાણે ઉતિંગ અને પનકમાં પણ સમજી લેવું ઉપર કહેલો આહાર આપેતો સાધુ ને લેવો નઘટે પણ કહેવું કે અમને આ ઉચિત નથી,

असणं पाणगं वावि, खाइमं साइमं तहा ।
तउम्मि हुज्ज निक्खित्तं, तं च संघट्टिआ यए॥६१॥
तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥६२॥

ઉપર પ્રમાણે કોઈ વસ્તુ અગ્નિમાં લાગુ હોય અને અગ્નિને અટકીને આપેતો લેવું નઘટે અને કહેવું કે તે ઉચિત નથી.

एवं उस्सक्किया, ओसक्किया, उज्जालिआ,
पज्जालिआ, निव्वाविया, उस्सिंचिया,
निस्सिंचिया, उववत्तिया, ओयारिया दए॥६३॥
तं भवे भत्तपाणं तु, संजयाणं अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥६४॥

एआरिसे महादोसे, जाणिऊण महेसिणो ।
तम्हा मालोहडं भिक्खं, न पडिगिण्हंति संजया।६९।

આ પ્રમાણે ઉપર કહેલા મહાન દોષોને જાણીને ઉત્તમ સાધુઓ મેડા ઉપરથી લાવેલી ગોચરી લેતા નથી જો નીસરણી પગથીઆં જેવી (મજબુત જડેલી હોય તો સાધુ ઉપર જઈને લે પણ ખસીજાય તેવી હોય તો સાધુએ પણ ઉપર જઈને નલેવુ) મૂળ સૂત્રમાં હું'દી માલોહડ' પાઠાન્તર છે ત્યાં એવો અર્થ લેવોકે આવી ગોચરી લેવી નકલ્પે.

कंदं मूलं पलंबं वा, आमं छिन्नं व सन्निरं ।
तुंबागं सिंगवेरं च, आमगं परिवज्जए ॥७०॥

ગોચરીમાં કંદ સુરણ વિગેરે મૂળ, વિદારીકા (ભોયઆંબ) વિગેરે ઝુમ (ફળનું ઝુમખુ) કાચું અથવા છેદેલુ' હોય તેવું શાક પાદડાં તથા તુમડું આદુ જો સચિત્ત હોય તો સાધુને લેવું નકલ્પે.

तहेव सत्तुचुन्नाइं, कोलचुन्नाइं आवणे ।
फाणिअं पूअं, अन्नं वावि तहाविहं ॥७१॥
[illegible]माणं पसढं, रएणं परिफासिअं ।
[illegible]अं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥७२॥



સત્તુચુરણ્ (જવ ચણાને શેકીને બનાવેલો આટો) તથા બોરના આટો (બોરકુટ) તથા તલપાપડી ગોળપાપડી (પિંડ અથવા શીરો પૂપ (આટાની બાટી) તથા લાડુ વિગેરે દુકાનમાં વેચવાને માટે રાખેલા હોય તે ઘણા દીવસ પછી રહેવાથી વાસી હોય તથા રેતી ઉડવાથી ધુળવાળા હોય આવી ચીજ કોઇ વેહોરાવે તો સાધુએ લેવી નહી, અને કહેવું કે અમોને કલપે નહી.

बहुअट्ठियं पुग्गलं. अणिमिसं वा बहुकंटयं ।
अच्छियं तिंदुयं बिल्लं, उच्छुखंडं व सिंबलिं ॥७३॥

ઘણા ઠળીયા વાળું સીતાફળ હોય અથવા કાંટા વાળું અનનાસ ફળ હોય અથવા અસ્થિક અથવા ટીમરૂનું (ટીમરવા) ફળ બીલીનું ફળ હોય અથવા શેરડીનો કટકો હોય અથવા વલની પાપડી હોય

अप्पे सिआ भोअणज्जाए, बहुउज्झिपधम्मियं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥७४॥

જે આ કાચાં હોય તો સચિત્તનો દોષ લાગે તથા અચિત્ત હોય તોપણ ખાવા કરતાં ફેંકી દેવાનું ઘણું હોવાથી તથા પછવાડે માખીઓ કીડીઓને પીડા કારક હોવાથી લેવું નકલપે આપનારને સમજાવવું કે અમને આ લેવું યોગ્ય નથી.

तहेवुच्चावयं पाणं, अदुवा वारधोअणं ।
संसेइमं चाउलोदगं, अहुणाधोअं विवज्जए॥७५॥

અમયમાં ભિક્ષુકોને દેવા લોકો યાદ કરે, તે કાળે સાધુ જાય. જ્યાં સુધી પગમાં શક્તિ હોય ત્યાં સુધી બીજા ઉપર બોજારૂપ ન થતાં પોતે ગોચરી જાય. હવે ગોચરી જતાં ન મળે તો સાધુએ શોક ન કરવો. કારણ કે તેણે તો સુબુદ્ધિએ વીર્યાચાર ને પાળ્યો છે. તેના માટે ગોચરી જવાનું છે. નહી કે આહાર લાવવાના માટે, આવું વિચારી શોચ ન કરે, પણ આ તપ થયો એમ સમજીને સહન કરે, ઓછું મળે તો ઉનોદરી અને ન મળે તો ઉપવાસનો લાભ થયો એમ ચિંતવે.

तहेवुच्चावया पाणा, भत्तट्ठाए समागया ।
तं उज्जुअं न गच्छिज्जा, जयमेव परक्कमे॥७॥

હવે ક્ષેત્રની યતના કહે છે. ઊંચા અને નીચા પ્રાણીઓ પશુ પક્ષીઓ બલિદાન વિગેરેમાં ભોજન લેવાને માટે આવ્યાં હોય તેની તરફ પોતે ન જાય, કારણ કે તેમને મળતાં અંતરાય થાય અથવા તેમને ભય લાગે, માટે પોતે એમને ત્રાસ ન થાય તેવી રીતે યતનાથી ચાલે.

गोअरग्गपविट्ठो अ, न निसीइज्ज कत्थई।
कहं च न पबंधिज्जा, चिट्ठित्ताण व संजए ॥८॥

ગોચરી ગએલો સાધુ ઘરમાં કે દેવળમાં બેસી ન રહે, કારણ કે સંયમને નુકશાન થાય છે. તેમ ધર્મ કથા પણ કહેવા

અચિત પુલ વિગેરે હોય તેને છોડીને મુનીને આપવા માટે તે

तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं ॥१५॥

મુનીએ કહેવું કે એ મુનીને લેવું અયોગ્ય છે. અમને તેવું જોઈતું નથી.

उप्पलं पउमं वावि, कुमुअं वा मगदंतिअं ।
अन्नं वा पुप्फसच्चित्तं, तं च संमद्दिआ दए ॥१६॥

ઉપર પ્રમાણે કોઇ પણ જાતના પુલો હોય અને તેને મર્દન કરીને (ચોળીને) મુનીને આપે.

तं भवे भत्तपाणं तु, संजयाण अकप्पिअं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥१७॥

તો તેણે કહેવું કે અમારે તેવું લેવું ઉચિત નથી. લુંચન અને મર્દનની જે વાત આવી છે તેમાં પહેલાં બતાવી ગયા છીએ કે પ્રાણુબીજ તથા વનસ્પતિને દુઃખ દઇને વહોરાવ તો ન લેવું. એમ કહ્યા છતાં આ બે ગાથા ફરી શા માટે કહી? આચાર્યનો ઉત્તર. પહેલામાં સામાન્ય છે અને બીજામા વિશેષ નામ લઇને કહ્યું છે.

सालुअं वा विरालिअं, कुमुअं उप्पलनालिअं ।
मुणालिअं सासवनालिअं, उच्छुखंडं अनिव्वुडं॥१८॥

શાલુક. (કમળનું કંદ) તથા વિરાલિકા (પલાશના કંદ) તથા કુમુદની તથા બીજા કમળની નાળ તથા પદમનો કંદ તથા સરસવની નાળ (ડાંડલી) અથવા શીંગ અથવા શેરડીનો ટુકડો આ બધાં રાંધ્યા વિનાનાં અથવા અચિત ન થયાં હોય, તે સાધુને લેવું ન કલ્પે.

तरुणगं वा पवालं, रुक्खस्स तणगस्स वा ।
अन्नस्स वावि हरिअस्स, आमगं परिवज्जए ॥१९॥

ઉગતા ફલની કુંપળ-પ્રવાલ (કોમળ ડાંખળી) શીંગ વિગેરે અથવા ઘાસનાં ભીંડાં રાડાં (સાંઠા) અથવા લીલી વનસ્પતિ (મોગરી ડાંડી વિગેરે) જે કંઇ કાચું હોય તે સાધુએ નલેવું.

तरुणिअं वा छिवाडिं, आमिअं भज्जिअं सइं ।
दिंतिअं पडिआइक्खे, न मे कप्पइ तारिसं॥२०॥

તેવી કુમળી શીંગો અથવા મગફળી કાચી રાંધ્યા કે શેક્યા વિનાની હોય અથવા પૂરી શેકી નહોય. અને આપે તો સાધુએ કહેવું કે, અમને તેવું લેવું નથ્રે.

तहा कोलमणुस्सिन्नं, वेलुअं कासवनालिअं ।
तिलपप्पडगं नीमं, आमगं परिवज्जए ॥२१॥

બોર. વાડકારેલાં, થોપરનીનું ફળ, નલપાપડી અથવા વાલની પાપડી અથવા પાકી લીમડાની લીંબોળી આ બધી ચીજો રાંધ્યા અથવા અચિત થયા વિનાની હોય તો લેવી નકલ્પે

तहेव चाउलं पिट्ठं, विअडं वा तत्तऽनिव्वुडं ।
तिलपिट्ठपूइपिन्नागं, आमगं परिवज्जए ॥२२॥

તેવી રીતે ચોખાનો આટો અથવા કાચું અથવા અર્ધું કાચું પાણી ત્રણવાર ઉકળ્યા વિનાનું. હોય તથા તલનો કુટેલો ભૂકો હોય અથવા સરસવનો ખેળ આ બધી ચીજો રાંધ્યા વિનાની હોય તો સાધુએ ઉપયોગમા લેવી નહી.

कविट्ठ माउलिंग च, मूलगं मूलगत्तिअं ।
आमं असत्थपरिणयं, मणसावि न पत्थए ॥२३॥

કોઠું બીજોરૂં મૂળો પાંદડા વાળો, તથા એકલું કંદ તે કાચું હોય. અથવા પૂરૂ રાંધેલું નહોય તે મનથી પણ નઇચ્છે (અનંતકાય હોવાથી મૂળા વિગેરે સર્વથા ત્યાગવા જોગ છે.)

तहेव फलमंथूणि, बीअमंथूणि जाणिआ ।
बिहेलगं पियालं च, आमगं परिवज्जए ॥२४॥

બોરનું ચુરણ જવનું ચુરણ તથા હરડાં બેહેડાંનું ફળ વિગેરે કાચાં હોય અથવા ઠળીઆ સહીત હોય, રાંધ્યા વિનાનાં હોય. તો સાધુએ નલેવાં

समुआणं चरे भिक्खू, कुलमुच्चावयं सया।
नीयं कुलमइक्कम्म, ऊसढं नाभिधारए॥२५॥

સાધુ ઉંચ નીચ ઘરનો તફાવત ન ગણતા. સમાન પણે દરિદ્રીય મલિન વિગેરે, (દરિદ્ર-મધ્યમ-વાણિયાના અધમ ઘરોને છોડી) પ્રધાન ક્ષત્રિય વૈશ્ય વિગેરેની ગોચરી સાધુ લે) પણ ગરીબ ઘરોને છોડી શ્રીમંતોના ઘરો ગોચરીએ ન ફરે. કદાપી વ્યવહારે તેમ અપમાન થવાથી લોક નિંદા કરે.

अदीणो वित्तिमेसिज्जा, न विसीइज्ज पंडिए।
अमुच्छिओ भोअणंमि, मायण्णे एसणारए॥२६॥

ગોચરી ફરતા ન મળેથી ખેદ ન કરે, કદાચ સારૂં ભોજન મળે તો લોલુપીથી થઇ વધારે ન લે, પણ ખાવા જેટલું લે. તેમાં સાધુ માટે કરેલ ન હોય, તેનો તે ધ્યાન રાખે.

बहुं परघरे अत्थि, विविहं खाइमसाइमं।
न तत्थ पंडिओ कुप्पे, इच्छा दिज्ज परो न वा॥२७॥

ગૃહસ્થના ઘરમાં ઘણી ચીજો પડેલી હોય છે. અનેક પ્રકારનાં ખાનપાન વિગેરે હોય છે. છતાં ગૃહસ્થ ન આપે અથવા થોડું આપે તો વિદ્વાન સાધુએ કોપ ન કરવો. કારણ કે, તે દાન આપનારની મરજી ઉપર છે.

सयणासणवत्थं वा, भत्तं पाणं व संजए ।
अदिंतस्स न कुप्पिज्जा, पच्चक्खेवि अ दीसओ ॥२८॥

ગૃહસ્થના ઘરમાં સંથારીઉં (સૂવાનું પાથરણું) આસન વસ્ત્ર અથવા ખાનપાન. વિગેરે પ્રત્યક્ષ દેખાતી ચીજો હોય અને તે સાધુ માગણીકરે છતાં. ઘરવાળો ન આપે તો સાધુએ ક્રોધ નકરવો.

इत्थिअं पुरिसं वावि, डहरं वा महल्लगं ।
वंदमाणं न जाइज्जा, नो अ णं फरुसं वए ॥२९॥

આ પુરૂષ નપુંસક અથવા નાનું મોટું માણસ સાધુને નમસ્કાર કરેતો તેને ભક્ત જાણીને તેની પાસે કોઈપણ વસ્તુની માગણી નકરવી કદાચ વસ્તુની જરૂર પડે. અને માગણી કરી હોય, છતાં તે ગૃહસ્થ ન આપેતો તેને કડવાં વચનો ન કહેવાં.

जे न वंदे न से कुप्पे, वंदिओ न समुक्कसे ।
एवमन्नेसमाणस्स, सामण्णमणुचिट्ठइ ॥३०॥

કોઈ નમસ્કાર નકરે તો તેના ઉપર ક્રોધ ન કરવો. તથા રાજા વિગેરે મોટા માણસ નમસ્કાર કરેતો અહંકાર ન કરવો. એ રીતે જે સમાધિપૂર્વક શોધે તો તેને ભગવાનની આજ્ઞા પ્રમાણે ચારિત્રથી અનેક ગણું પુન્ય પ્રાપ્ત થાય

सिआ एगइओ लद्धुं, लोभेण विणिगूहइ।
मामेयं दाइयं संतं, दट्ठूणं सयमायए ॥३१॥

કે, કદાચિત ઉત્તમ વસ્તુ આવી હોય તો, દેખાડે નહીં,
પોતાના સ્વાર્થે નહીં પણ ગુરુના દેખતાં આવે, એવી રીતે
સ્વાર્થે કે ગુરુ વિગેરેને દેખાડે નહિ, તે કમ છે.

अत्तट्ठ गुरुओ लुद्धो, बहुं पावं पकुव्वइ।
दुत्तोसओ अ सो होइ, निव्वाणं च न गच्छइ ॥३२॥

એ સાધુ લોભીકો પોતાને પોતાના માટે ગુપ્ત રાખવાથી તેથી
ઘણું પાપ કરે છે અને તેને કોઈ દિવસ સંતોષ નથી. અને
તેથી ધીરજ ન રહેવાથી તે મોક્ષ પણ પ્રાપ્ત નહીં કરે.

सिआ एगइओ लद्धुं, विविहं पाणभोअणं।
भद्दगं भद्दगं भुच्चा, विवन्नं विरसमाहरे ॥३३॥

અથવા ભિક્ષાથી આવતાં રસ્તામાં સારો સારો આહાર
ખાઈને અને પછી બીજાને જોવા માટે અથવા બીજાને બતા-
વવા માટે કેટલુંક નિરસ ભોજન લાવે.

जाणंतु ता इमे समणा, आययट्ठी अयं मुणी।
संतुट्ठो सेवए पंतं, लूहवित्ती सुतोसओ ॥३४॥

એથી પોતે એમ સમજે કે અને બીજા સાધુઓ ઉત્તમ

માનેકે, ' આ આત્માર્થી સાધુ. ' થોડુ લુખું નિરસ ભોજન ખાઇને સંતોષ માને છે.

पूअणट्ठा जसोकामी, माणसम्माणकामए ।
बहुं पसवई पावं, मायासल्लं च कुव्वइ ॥३५॥

આવી રીતે પૂજાવાની ઈચ્છાવાળો ખોટા જસનો ચાહનારો માન સન્માનને ઈચ્છે તે ઘણાં પાપો કરે અને ઘણાં કપટ કરે.

सुरं वा मेरगं वावि, अन्नं वा मज्जगं रसं ।
ससक्खं न पिवे भिक्खू, जसं सारक्खमप्पणो॥३६॥

સુરા તે જવના આટાનો બનાવેલો દારૂ અથવા મહુડાનો દારૂ અથવા તેવી બીજી કોઇ નિશાની ચીજોનો દારૂ પોતે છાનો અથવા જાહેર નપીએ. કારણકે સર્વજ્ઞ ભગવાન સદા જોઈ રહ્યા છે તેમ પોતાના કુળની લાજ રાખવાના માટે સાધુ તેનાથી દૂર રહે.

पियए एगओ तेणो, न मे कोइ वियाणइ ।
तस्स पस्सह दोसाइं, निअडिं च सुणेह मे ॥३७॥

કદાચ એકાંતમા પીએ કે મને કોઇ દેખતું નથી. તો તેના દોષોને તથા તેના કપટને મારી પાસે સાંભળો. " એવું સારા સાધુને ગુરૂ ઉપદેશ આપે છે."

वड्ढई सुंडिआ तस्स, मायामोसं च भिक्खुणो ।
अयसो अ अनिव्वाणं, सययं च असाहुआ ॥३८॥
निच्चुव्विग्गो जहा तेणो, अत्तकम्मेहिं दुम्मई ।
तारिसो मरणंतेवि, न आराहेइ संवरं ॥३९॥

તેને દિનસે દિવસે વધારે કુટેવ પડે અને તેથી ઘણું વધું બોલે કપટ કરે. તેથી કોઇક વખત પકડાતા આબરૂ જાય. મોક્ષ મળે નહી. તથા હમેશાં, તેને સાધુપણું હોય નહી. તથા તે પાપકર્મથી નિરંતર ખેદમાં રહેશે. અને જેમ ચોર પોતાનાં પાપ છુપાવવા ચિંતામાં રહે, તેમ પોતે પણ ચિંતામાં રહી અંતકાળે પણ ખોટી બુદ્ધિથી આરાધના પણ ન કરી શકે.

आयरिए नाराहेइ, समणे आवि तारिसे ।
गिहत्थावि ण गरिहंति, जेण जाणंति तारिसं॥४०॥

તેના આવા પાપો હોવાથી તે આચાર્યની સેવા ન કરે બીજા સાધુઓની સેવા નકરે. અને જે તેનાં આવાં પાપો જાણ્યાપછી ગૃહસ્થો પણ તેની નિંદા કરે.

एवं तु अगुणप्पेही, गुणाणं च विवज्जए ।
तारिसो मरणंतेऽवि, ण आराहेइ संवरं ॥४१॥

એટલા માટે દારૂડીઓ સાધુ દુર્ગુણોને પકડીને ઉત્તમ ગુણોને, છોડીને સાધુપણાથી દૂર થઈ ચારિત્રને અંતવખતે પણ આરાધી શકે નહી.

तवं कुव्वइ मेहावी, पणीअं वज्जए रसं ।
मज्जप्पमायविरओ, तवस्सी अइउक्कसो ॥४२॥

દારૂ પીવાના દોષ બતાવ્યા. તેથી સાધુએ શું કરવું, તે કહે છે બુદ્ધિમાન સાધુ તપ કરે. ગુરૂની આજ્ઞામાં રહે તથા ઘી, દુધવાળા પદાર્થ તજે અને દારૂ, તથા આળસ વધારે, તેવા પદાર્થો છોડીને તપસ્વી સાધુ તપસ્યા કરીને અહંકાર નકરે.

तस्स पस्सह कल्लाणं, अणेगसाहुपूइअं ।
विउलं अत्थसंजुत्तं, कित्तइस्सं सुणेह मे ॥४३॥

ગુરૂ મહારાજ બીજા શિષ્યોને કહે છે કે તેવો સાધુ શું મેળવે તે જુઓ તેનું કલ્યાણ થાય એટલે સંયમ સારી રીતે પાળે તેથી બીજા સાધુઓ તેનું બહુ માન કરે. તથા વિસ્તાર એટલે તેને મોક્ષનું સુખ આપનાર સિદ્ધાંતનું રહસ્ય મળે તથા તુચ્છતાથી રહીત નિરૂપમ સુખ મળે એવું બતાવીશ તમે મારી પાસેથી સાંભળો.

एवं तु सगुणप्पेही, अगुणाणं च विवज्जए ।
तारिसो मरणंतेऽवि, आराहेइ संवरं ॥४४॥

એ પ્રમાણે અપ્રમાદ વિગેરે ઉત્તમ ગુણોને વાંચ્છનારો તથા પ્રમાદ વિગેરે દુર્ગુણોનો ત્યાગનારો સાધુ, ગુરૂની આજ્ઞામાં સુબુદ્ધિથી રહીને મરણાંતે ચારિત્રની આરાધના સારી રીતે કરે કારણકે ઉત્તમ ગુણો તે ચારિત્રનું બીજ છે.

आयरिए आराहेइ, समणे आवि तारिसे ।
गिहत्थावि ण पूयंति, जेण जाणंति तारिसं॥४५॥

તે ઉત્તમ સાધુ આચાર્યની સેવા કરે. તે પ્રમાણે બીજા સાધુઓની પણ સેવા કરે કારણકે તેના ભાવ શુદ્ધ છે. અને તેવું જાણીને ગૃહસ્થો પણ તેનું બહુમાન કરે છે.

तवतेणे वयतेणे, रुवतेणे अ जे नरे ।
आयारभावतेणे अ, कुव्वइ देवकिब्बिसं॥४६॥

તપ-વચન-રૂપ-આચાર અને ભાવ એ પાંચની ચોરી કરે, તે આ પ્રમાણે છે. પોતે તપ નકરતો હોય છતાં કુદરતી દુર્બળ હોય. તેથી કોઈ પૂછેકે. આપ તપસ્વી છો? તો મૌન રહે. અથવા હાકહેતો તે તપચોર જાણવો. તેજ પ્રમાણે ધર્મ કથા કહેતાં ક્યાંયથી થોડું સાંભળી કથા કરે તેમાં કોઈ પૂછેકે. આપ શાસ્ત્ર જાણો છો? ન ભણ્યો હોય, છતાં હા કહે. અથવા મૌન રહે. તો વચન ચોર જાણવો. એ પ્રમાણે રૂપવાળો જોઈ કોઈ પૂછેકે આપ રાજકુમારછો. તો હાકહે તો તે રૂપચોર જાણવો.

તેજ પ્રમાણે સારા આચાર વાળાના નામે પૂજાય તો તે આચાર ચોર જાણવો તથા બીજાનાં કહેલાં સિદ્ધાંત રહસ્યને પોતાને નામે બતાવે. તો તે ભાવ ચોર જાણવો. આ પ્રમાણે ચોરી કરવાથી કિલ્બિષયાની દેવયોની પામે.

लद्धूणवि देवत्तं, उववन्नो देवकिब्बिसे ।
तत्था वि से न याणाइ, किं मे किच्चा इमं फलं ? ॥४७॥

તે પ્રમાણે આવી હલકી ગતિ પામ્યા છતાં, અને સારી ક્રિયાથી દેવ પણ પામ્યા છતાં વિશુદ્ધ અવધિજ્ઞાનના અભાવે જાણતો નથી કે મેં પૂર્વે ચોરી કરી તેનું આ ફળ છે.

तत्तोवि से चइत्ताणं, लब्भिही एलमूअयं ।
नरगं तिरिक्खजोणिं वा, बोही जत्थ सुदुल्लहा ॥४८॥

હવે બીજા દોષો કહે છે. દેવ લોકમાંથી નીકળીને મનુષ્યપણામાં એલમૂકતા (ગાડાપણું વિગેરે અથવા બકરા જેવી ન સમજાય તેવી ભાષામાં) ઉત્પન્ન થશે. અને પરંપરાએ નરક અને તિર્યંચ ગતિને ભોગવશે. તથા સર્વ સુખોનું મૂળ જૈન ધર્મની પ્રાપ્તી થવી દુર્લભ થશે, ટીકામાં એલમૂકતા એ જણાવે વારંવાર દુઃખ પામવાનું સુચવે છે. તથા ભવિષ્યકાળમાં પણ પરંપરાએ દુઃખ ભોગવશે. એમ સુચવે છે.

एअं च दोसं दट्ठूणं, नायपुत्तेण भासिअं ।

अणुमायंपि मेहावी, मायामोसं विवज्जए॥४९॥

તેથી ઉપદેશ આપે છે કે આ પ્રમાણે મહાવીર જીનેશ્વરે કહ્યું. તે દોષોને જાણીને. મર્યાદામાં રહેલો સાધુ જરાપણ ખોટું માન ન લે; અને માયા જુઠને સર્વથા છોડે.

सिक्खिऊण भिक्खेसणसोहिं, संजयाण बुद्धाण सगासे। भिक्खु सुप्पणिहिइंदिए, तिव्वलज्जगुणवं विहरिज्जासि ॥५०॥

त्तिवेमि समत्तं पिंडेसणानामज्झयणं पंचमं ॥५॥

અધ્યયન સમાપ્ત કરતાં ગુરૂ કહે છે. કે વિદ્વાન ગુરૂપાસે ભિક્ષાની શુદ્ધિ શિખીને પોતાની ઇંદ્રિયો કબજામાં રાખીને ઉત્કૃષ્ટ સંયમ પાળતો, તથા સૂત્રમાં બતાવેલી વિધિએ. સમાચારી કરતો, પોતે ગુણવંત સાધુ થઇ વિચરે તેવું હું કહું છું. વિગેરે બધું પૂર્વ માફક જાણવું. બીજો ઉદ્દેશો આ પૂરો થયો. સૂત્ર અનુગમ કહ્યો. તથા નયનું વર્ણન પૂર્વ માફક જાણવું. પિંડેષણા નામનું પાંચમું અધ્યયન સમાપ્ત થયું.

अथ महाचारकथाख्यं षष्ठमध्ययनम् ।

"મહાચાર કથા નામનું છઠું અધ્યયન" હવે કહે છે. તેનો પુર્વના અધ્યયન સાથે આ સંબંધ છે કે ગયા અધ્યયનમાં

સાધુની ભિક્ષાની વિશુદ્ધિ બતાવી અને અહીંયાં ગોચરીમાં ગએલા સાધુએ પોતાનો આચાર મોટા માણસોએ પૂછ્યું હોય. અને પોતે જાણતો હોય તો પણ ત્યાં વિસ્તારથી કહેવું નહીં. પણ કહેવું કે ગુરૂમહારાજ ઉપાશ્રયમાં કહેશે. તેજ અહીં કહે છે કે. ગોચરીમાં ગએલો સાધુ ક્યાંય પણ બેસે નહીં. તેમ કથા પણ બેસીને સાધુ વિસ્તારથી નકહે. તેથી પાંચમા છઠ્ઠા અધ્યયનનો આ સંબંધ થયો તેના અનુયોગ દ્વારનો ઉપન્યાસ (વર્ણન) પુર્વ માફક જાણવો તથા નામ નિષ્પન્ન નિક્ષેપો આવે ત્યાં મહાચાર કથા નામ જાણવું અને પુર્વે તે તત્વથી બતાવ્યું છે તેથી અહીં ટુંકાણમાં કહે છે.

जो पुर्व्वि उद्दिट्ठो, आयारो सो अहीणमइरित्तो।
सच्चेव य होइ कहा, आयारकहाए महईए॥२४५॥

પુર્વે ત્રીજા અધ્યયનમાં આચારનું વર્ણન કહેલું છે. તે જ્ઞાનાચાર વિગેરે પાંચ પ્રકારના છે. તે સર્વ અહીં વિસ્તારથી કહેવું, અને તે ત્રીજા અધ્યયનમાં ક્ષુલ્લક આચાર કથા હતી અને અત્રે મહાચાર કથા છે. તેથી કથાનું વર્ણન પણ આક્ષેપણી વિગેરે છે. તે કહેવું અને પુર્વે ક્ષુલ્લક (નાનો.) તેનાથી ઉલટો મહત્ (મોટો) તેનું વર્ણન કરવું. એટલે ત્યાં નાના આચાર કથા અને અહીં મોટાઆચાર કથા જાણવી, નામ નિષ્પન્ન નિક્ષેપાનું વર્ણન કર્યું. બીજો વિસ્તાર પુર્વે માફક જાણવો હવે સૂત્ર અનુગમમાં અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર બોલવું તે આપ્રમાણે·

नाणदंसणसंपन्नं, संजमे अ तवे रयं ।
गणिमागमसंपन्नं, उज्जाणम्मि समोसढं ॥१॥

જ્ઞાન તે શ્રુત જ્ઞાન વિગેરે છે દર્શન તે ક્ષાયોપ શમિકાદિ એ બંનેથી યુક્ત તથા પાંચ આશ્રવથી રહીત સંયમમાં તથા તપસ્યામાંલીન એવા તથા સાધુ સમુદાયથી યુક્ત તે ગણી આચાર્ય હોય. વળી તે વિશિષ્ટ સૂત્ર ભણેલા હોય, એવા સદા-ચારી પંડિત આચાર્ય ઉદ્યાનમાં આવેલા હોય, તે ધર્મ ઉપદેશ આપતા હોય (મૂળસૂત્રમાં પ્રથમ જ્ઞાન અને પછી આગમ કહ્યું એ બંને એકછે. છતાં જુદા જુદા એટલા માટે મુક્યા છેકે. તેમનું જ્ઞાન વધારે આગમો ભણવાથી નિપુણ બુદ્ધિવાળું છે. અને ઉદ્યાન કહેવાનું કારણ એછેકે, શહેર કરતાં ઉદ્યાનમાં સાધુને વધારે નિવૃતિ રહે છે. પણ તે સાધુને ઉચિત હોવું જોઇએ.)

रायाणो रायमच्चा य, माहणा अदुव खत्तिआ ।
पुच्छंति निहुअप्पाणो, कहं भे आयारगोयरो? ॥२॥

તેવા ઉત્તમ ગુરૂને આવેલા સાંભળીને, તેમની પાસે રાજાઓ રાજના પ્રધાનો બ્રાહ્મણો ક્ષત્રિઓ અથવા શેઠીઆઓ આત્માને સ્થિર કરી હાથ જોડીને પુછે કે હેગુરૂવર! આપનો ક્રિયાકલાપ (આચાર) શું છે.? તે કહો.

तोसिं सो निहुओ दंतो, सव्वभूअसुहावहो।
सिक्खाए सुसमाउत्तो, आयक्खइ विअक्खणो॥३॥

તે સમયે તે આવેલા ભક્તો આગળ ધર્મકાયને સ્થિર કરી નિશ્ચલ રહી. ઇંદ્રિયો તથા મનને દમનકરીને સર્વ જીવોને સુખઆપનાર ગ્રહણ અને આસેવન એટલે ગુરૂપાસે પ્રથમ આચાર સાંભળવા. અને પછી વર્તનમાં મૂકવો એ બંને પ્રકારની શિક્ષાએ યુક્ત પંડિત આચાર્ય તેમને ધર્મ સમજાવે છે.

हंदि धम्मत्थकामाणं, निग्गंथाणं सुणेह मे।
आयारगोअरं भीमं, सयलं दुरहिट्ठिअं ॥४॥

ધર્મ-અર્થ નેકામ સાધુઓનો કેવી રીતનો છે. તે આચાર ભયંકર છે, અને સામાન્ય માણસોથી ન પળાય તેવો કઠણ અને સંપુર્ણ છે. તે તમે મારી પાસે સાંભળો, ધર્મનો નિક્ષેપો પહેલા અધ્યયનમાં કહ્યો છે તેથી અહીં લોકોત્તર ધર્મ નિર્યુક્તિકાર કહે છે-

नन्नत्थ एरिसं वुत्तं, जं लोए परमदुच्चरं।
विउलट्ठाणभाइस्स, न भूअं न भविस्सइ ॥५॥

એવું બીજે કયાંય જૈન ધર્મ સિવાય કહ્યું નથી લોકમાં જે પરંતે સામાન્ય માણસને આચરવું કઠણ છે. વિપુલ સ્થાન ભજનારાને આવું પૂર્વે થયું નથી અને થવાનું પણ નથી તે

ધર્મ અર્થ અને કામએ ત્રણને સૂત્ર સ્પર્શ નિર્યુક્તિ વડે પહેલા અધ્યનમાં ઉપર કહેલ છે. હવે લોકે. ત્તરધર્મ કહે છે.

धम्मो बावीसविहो, अगारधम्मोऽणगारधम्मो अ ।
पढमो अ बारसविहो, दसहा पुण बीयओ होइ।२४६।

ધર્મ સામાન્ય રીતે બાવીશ પ્રકારનો છે એટલે ગ્રહસ્થનો ધર્મ બાર પ્રકારનો છે અને સાધુ ધર્મ દશ પ્રકારનો છે, આ સંક્ષેપમાં કહી હવે વિસ્તારથી કહે છે,

पंच य अणुव्वयाइं, गुणव्वायाइं च होंति तिन्नेव ।
सिक्खावयाइं चउरो, गिहिधम्मो बारसविहोअ२४७।

ગ્રહસ્થ (શ્રાવક) ના પાંચ અણુવ્રત છે, તે સ્થુળ એટલે થોડામાં છે. તે સર્વથા જીવનું રક્ષણ ન કરી શકે પણ નિરપરાધિત્રસ (હાલતા ચાલતા) જીવને બચાવી શકે વિગેરે છે. ગુણવ્રત તે ત્રણ છે. તે દિશાનો નિયમ વિગેરે છે. અને ચાર સામાયિક વિગેરે શિક્ષા વ્રત છે. આ ગૃહસ્થ ધર્મનું વર્ણન આવશ્યક સૂત્રમાં વિસ્તારથી બતાવ્યું છે તેથી અહીં કહેતા નથી, તેથી સાધુ ધર્મનું સ્વરૂપ કહે છે.

खंती अ मद्दवऽज्जव, मुत्ती तवसंजमे अ वोद्धव्वे ।
सच्चं सोचं आकिंचणं, च बंभं च जइधम्मो॥२४८॥

અણુંકા (બાવટો) (૮) કાંગ (૯) રાલગ (કાંગની એક જાત) (૧૦) તલ. (૧૧) મગ (૧૧) અડદ (૧૩) અળસી (૧૪) કા ચણા (૧૫) ત્રીપુટક (   ) (૧૬ નિષ્પાવ (વા (૧૭) સીલીંદ (મઠ) (૧૮) રાજ માસા (ચોળા) (૧૯) ઇ (શેરડી) (૨૦) મસુર (૨૧) તુવર (૨૨) કુલથી (૨૩) ધા (૨૪) કલાયક (વટાણા) એ પ્રમાણે ચોવીસ પ્રકારનાં અનાજ છે

रयणाणि चउव्वीसं सुवण्णतउतंबरययलोहाहं ।
सीसगहिरण्णपासाणवइरमणिमोत्तिअपवालं॥२५
संखो तिणिसागुरुचंदणाणि वत्थामिलाणि कट्ठाणि
तह चम्मदंतवाला गंधा दव्वोसहाइं च ॥२५५॥

ચોવીસ પ્રકારનાં રત્નો તે નીચે મુજબ છે. (૧) સોનું (૨) તરવું (૩) ત્રાંબુ (૪) ચાંદી (૫) લોઢું (૬) સીસું (૭) હીરણ્ય (રૂપીયો વીગેરે) (૮) પાસાણ (પાનું માણેક) (૯) હીરે (૧૦) ચંદન (૧૧) મણી (૧૨) મોતી (૧૩) પરવાળાં (૧૪) શં (૧૫) તીનીસ (એકજાતનું વૃક્ષ) (૧૬) અગરૂ વિગેરે (૧૭) વ (૧૮) અમીલ (ઉનનાં વસ્ત્રો) (૧૯) કાષ્ટ (ઉત્તમજાતનું લાક) (૨૦) ચર્મ (સિંહ વિગેરેના ચામડાં) (૨૧) હાથી વિગેરેના દાંત (૨૨) ચમરી ગાય વિગેરેના બાલ (૨૩) સુગંધ (૨૪) પીપ વિગેરે દ્રવ્ય ઔષધ છે. (અગરૂ તથા ચંદન જુદાં છે. તેથી ૧ નંબરમાં બતાવ્યું છે.)

भूमी घरा य तरुगण, तिविहं पुण थावरं मुणेअव्वं ।
चक्कारबद्धमाणुस, दुविहं पुण होइ दुपयं तु ॥२५६॥

સ્થાવર ત્રણ વિભાગ કહે છે. જમીન ઘર ઝાડ એમ ત્રણ પ્રકારે છે. (મૂળમાં પુનઃ શબ્દ છે. તેથી એમ જાણવું કે તે દરેકમાં ઘણા ભેદ રહેલા છે.) જેમકે જમીનમાં ખેતર છે. અને તે ખેતર સેતુ તે વરસાદથી ખેડાય અને કેતુ તે પાણી પાઈને ખેડાય તથા સેતુ કેતુ તે બને રીતે પાણી લે તથા ઘરતે ત્રણ પ્રકારનાં છે. જેમકે જમીનમાં ખોદેલાં (ભોંયરાં) તથા જમીન ઉપર તે માળ વાળાં અને તે બને જાતનાં નીચે ભોંયરૂં, અને ઉપર માળ તથા ઝાડમાં પણ અનેક પ્રકારના ભેદ છે. જેમકે નાળીએર આંબા વિગેરેના બગીચા છે. તથા ચક્રઆરાથી બાંધેલું તે ગાડાં વિગેરે તથા મનુષ્ય તે દાસ દાસી વિગેરે એ બે પગવાળાં જાણવાં.

गावी महिसी उट्टा, अयएलगआसआसतरगा अ।
घोडग गद्दह हत्थी, चउप्पयं होइ दसहा उ ॥२५७॥

ગાય ભેંસ ઉંટ બકરાં ઘેટું (વાલ્હીક દેશના જાતવાન ઘોડા) તે અશ્વ કહેવાય તથા ઘણા જોરથી દોડે તે અશ્વતર કહેવાય અને બાકી બધા ઘોડા કહેવાય ગધેડા અને હાથી એમ દસ પ્રકારે ચોપગાં જાણવાં.

કામ કરે છે. (૧) જોયા વિના કૃષ્ણ કાને સાંભળીને તે તરફ કાન ખેંચાય (૨) તેનું રૂપ વિગેરે ગુણોને સાક્ષાત જોઈ તેને મેળવવાને ચિંતા કરે (૩) તથા મેળીત થઈ સંબંધ કરવાની ઇચ્છા (૪) તેનું રૂપ ચિતરેલ વિગેરે જોવું. (૫) તેના વિયોગમાં આહાર વિગેરે ઉપર અરતિ થાય. (૬) લજ્જાનો નાશ ને વડીલના દેખતાં પણ દુરાચારની પ્રશંસા (૭) પ્રમાદ એટલે તેને માટે સર્વ આરંભમાં તૈયાર થવું તથા (૮) ઉન્માદ તે ગમે તેમ બકવું. બોલવું. (૯) ભાવના તે થંભા વિગેરેને પણ સ્ત્રીના આલિંગનની બુદ્ધિએ ભેટવું.

मरणं १०च होइ दसमो, संपत्तंपिअ समासओ वोच्छं।
दिट्ठीए संपाओ १ दिट्ठीसेवा य संभासो १।२६१।

(૧૦) તે સ્ત્રીનો મેળાપ નથાય. તો તેના શોકથી મરણ પામે આ પ્રમાણે સ્ત્રીની પ્રાપ્તિ નથાય. અને તેના ઉપરનો મોહ ન છોડે, તો દસમી અવસ્થાએ મરણ પામે છે. હવે પ્રાપ્તિ થાય તો શું થાય ? તે ટુંકામાં કહે છે. (૧) કુબુદ્ધિએ જોવું (૨) તેની સાથે વાતચિત કરવું આમાં કુબુદ્ધિએ પુરૂષ દેખતો તે દ્રષ્ટિ સેવા કહેવાય અને બનેની આંખ મળેતો સંભાષણ કહેવાય તથા સંભાષણમાં. બને એકાંતમાં મળતાં સંસારની વાતો કરે તે છે.

हसिअ ३ ललिअ ४ उवगूहिअ ५ दंत ६ नहनिवाय

ત્તે છે.

"अर्थस्य मूलं निकृतिः क्षमा च, कामस्य वित्तं च वपुर्वयश्च। धर्मस्य दानं च दया दमश्च, मोक्षस्य सर्वोपरमः क्रियाश्च ॥१॥

આ બધા પરસ્પર વિરોધી છતાં જીન વચનને અનુસારે કુશળ બુદ્ધિના યોગથી વ્યવહારથી ધર્મ વિગેરે તત્વના સ્વરૂપને વિચારવાથી અથવા નિશ્ચયથી જોતાં પરસ્પર અવિરોધી થાય છે, તેમાં પ્રથમ વ્યવહારથી અવિરોધ બતાવે છે.

जिणवयणंमि परिणए, अवत्थविहिआणुठाणओ धम्मो। सच्छासयप्पयोगा, अत्थो वीसंभओ कामो ॥२६४॥

જીન વચન, હૃદયમાં યોગ્ય રીતે રૂચવાથી અવસ્થાને યોગ્ય કાર્ય કરવાથી પોતાની યોગ્યતાને આશ્રયી દર્શન વિગેરે શ્રાવકની પ્રતિમા અંગિકાર કરવાથી દોષ રહિત વર્તન કરવાથી ધર્મ થાય છે. નિર્મળ વીચારના પ્રયોગથી વિશિષ્ટ લોકથી અને પૂન્યના બળથી અર્થ પ્રાપ્તિ થાય છે. તથા યોગ્ય પત્નિના સ્વીકારથી વીચારેના મળતાપણાથી કામ, ભોગનું સુખ મળે છે. (વીતરાગના વચનથી સંસારની અસારતા જાણ્યા પછી ચારિત્ર

લેવામાં વિઘ્ન આવતું હોય તો ગ્રહસ્થ યોગ્ય રીતે ન્યાયથી ધન મેળવે અને સાદાઈથી જીંદગી ગુજારે. ધન મળતાં કે ન મળતાં હર્ષ, શોક ન કરે, તથા ધર્મના સમયમાં ધર્મ કરે તો ધર્મને અર્થ બંને અવિરોધીપણે પળાય, તથા સંસારથી ન છુટાવાથી, લુખ્ખા પરિણામે સ્ત્રી સંબંધ કરે તેમાં પણ પર્વતિથી એ પૌષધ (એક દીવસનુ ચારિત્ર) સામાયીક (બે ઘડીનું ચારિત્ર) પ્રતિક્રમણ (દોષોની શુધ્ધિ) કરે તો કામ અને ચારિત્રમાં પણ વિરોધ ન આવે.)

धम्मस्स फलं मोक्खो सासयमउलं सिवं अणावाहं।
तमभिप्पेया साहू तम्हा धम्मत्थकाम त्ति ॥२६५॥

હવે નિશ્ચયથી અવિરોધ બતાવે છે. નિર્મળ મનથી ધર્મ સાધનારને મોક્ષ મળે છે. તે મોક્ષ નિત્ય છે, અનુપમ છે, પવિત્ર છે, બાધા વિનાનો છે, તે ધર્મરૂપી અર્થને કામ એટલે વાચ્છનારા સાધુઓ છે. (ધર્મને ઉત્તમ ધન માનીને તેનીજ વાંચ્છના કરવી, તેમાજ મન, વચન, કાયાને રોકવું તેથી મોક્ષ મેળવે તે સાધુઓ જાણવા.

परलोगु मुत्तिमग्गो, नत्थि हु मोक्खो त्ति विंति अविहिन्नू । सो अत्थि अवितहो, जिणमयंमि
पवरो न अन्नत्थ ॥२६६॥

ઉપરની વાતને દૃઢ કરવા કહે છે. કેટલાક અજ્ઞ પુરૂષો વિધિને ન જાણતાં કહે છે કે, બીજા જનમમાં જવાનું નથી. અર્થાત્ પરલોક નથી, તથા મોક્ષનો માર્ગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર પણ નથી, તથા બધાં કર્મથી મુકાઈ મોક્ષ મેળવવો. તે પણ નથી. આવું જે નાસ્તિકો કહે છે તેમને જૈનાચાર્ય ઉત્તર આપે છે કે વીતરાગના વચનમાં પહેલાં અને પછી કોઈ પણ જાતનો વિરોધ નથી તેમાજ પરલોક, મોક્ષના સાધન, અને મોક્ષ, એ બધા સિદ્ધ થાય છે પણ જેઓ ધર્મનાનામે હિંસા કરે છે, અથવા નીત્ય અથવા અનીત્ય એકાંત માની બેઠા છે, તેમને ત્યાં ઉપરની ત્રણે વાતો ઘટતી નથી. આ પ્રમાણે સૂત્રને સ્પર્શ કરનારી કેટલીક નિર્યુક્તિની ગાથાઓ કહી, હવે સૂત્ર નો અવસર છે. તેનો આ પ્રમાણે સંબંધ છે, ગયા સૂત્રમાં સાધુઓના આચારના વિષયનું કથન બતાવ્યું, અને હવે તેની મહત્વતા બતાવે છે કે જેવો ચારિત્રનો શુધ્ધાચાર જૈન માર્ગમાં બતાવ્યો છે. તેવો જૈન સિવાયના કપીલ વિગેરે મનમાં બતાવ્યો નથી, તેથી બીજાને તેવી યોગ્યતા વિના આચરવો બહુ મુશ્કેલ છે. તેથી આ ઉત્તમ સંયમ સ્થાનને વિપુલસ્થાન ભજનારા ઉત્તમ મુનિને અજિન મતમાં કહેલો આચાર હોય છે અને તે પ્રમાણે પાળે છે, પણ બીજે તેવાં વચન નથી અને પાળતા પણ નથી. તે સૂત્ર ગાથા ૫ માં નીચે બતાવેલ છે

सखुड्डगविअत्ताणं, वाहिआणं च जे गुणा।

અઢાર સ્થાનોને આ આચાર કથામાં તીર્થંકરે કહ્યાં છે. તેમાંનું એક પણ સાધુ અંગીકાર કરે તો તે સાધુપણામાં રહી શકે નહી. હવે તે સ્થાન કયાં છે? તે નિર્યુક્તિકાર કહે છે.

वयछक्कं कायछक्कं, अकप्पो गिहिभायणं।
पलियंकनिसेज्जा य, सिणाणं सोहवज्जणं ॥२६८॥

જીવ હિંસાથી દૂર રહેવું, વિગેરે પંચ મહાવ્રત તથા છઠ્ઠું રાત્રી ભોજન ન કરવું. એ છ વ્રતો છે, તથા પૃથ્વીકાયથી ત્રસકાય સુધી છ કાયની રક્ષા કરવી. તથા નવા શિષ્યને વડી દિક્ષા આપતાં જે કલ્પ છે તે હવે પછીથી કહેશે,

તથા કાંસા વિગેરેનું ગૃહસ્થનું વાસણ વાપરવું. પલંગ તે સુવા માં વાપરે, તથા ગૃહસ્થના માફક ઘરબાર કરીને રહેવું. તથા સ્નાન તે શરીરના થોડા ભાગમાં અથવા આખું શરીર ધોવું. તે તથા શરીરને શોભાયમાન કરવું, આ બધાનો પરમાર્થ એ છે કે સાધુપણામાં રહેવા માટે છ વ્રત પાળવાં છ કાયની રક્ષા કરવી. સાધુને યોગ્ય આહાર, વસ્ત્ર વિગેરે લેવાં, તથા ગૃહસ્થનાં વાસણ ન વાપરવાં. પલંગમાં ન સુવું. ગૃહસ્થની માફક ઘર કરીને બેસવું નહી. તથા સ્નાન કરવું નહી, તથા બાળ ઓળવા વિગેરે શરીરની શોભા ન કરવી. આ અઢાર બાબતો જે ન પાળે તો સાધુ ધર્મથી ભ્રષ્ટ થાય છે.

तत्थिमं पढमं ठाणं, महावीरेण देसिअं।

(સુંદર) જીનેશ્વરે સાક્ષાત્ દેખી છે. આ અહિંસા સુંદર શા માટે છે. તે બતાવે છે.

सव्वे जीवावि इच्छंति, जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥१०॥

સર્વે જીવો જીવવાને ઇચ્છે છે, પણ દરેકને પ્રાણ વહાલા હોવાથી મરવાને ઇચ્છતા નથી તેટલા માટે પ્રાણવધ તે દુઃખનો હેતુ હોવાથી ભયંકર જાણીને સાધુઓ હિંસાને ત્યાગે છે. (સૂત્રમાં 'ણ' શબ્દ છે તે ફક્ત વાક્યની શોભા માટે છે. જેમ ગુજરાતીમાં કવીતામાં 'હાલ' શબ્દ વપરાય છે.)

अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसं बूआ, नोवि अन्नं वयावए॥११॥

પ્રથમ સ્થાનમાં અહિંસા બતાવી બીજામાં જુઠું ન બોલવું તે બતાવે છે. પોતાના માટે જુઠું બોલે. જેમકે પોતે માંદો ન હોય છતાં હું માંદો છું. તેથી મારે આ વસ્તુ જોઇએ એમ કહે તેજ પ્રમાણે બીજો માંદો ન હોય છતાં માંદો કહી કંઇ પણ સ્વાદ આપે. અથવા ક્રોધથી બીજાને તે દાસ ન હોય છતાં દાસ કહી અપમાન કરે, એ પ્રમાણે માનથી પોતે પંડિત ન હોય છતાં પંડિત તરીકે ઓળખાવે તથા ગોચરીમાં જવાના પ્રમાદથી કપટથી કહે મારો પગ દુઃખે છે. પણ પગ દુઃખતો ન

અહીંયાં સાધુ પોતે ધર્મનાં ઉપકરણ રાખે તેમાં દોષ નથી. તે બતાવે છે. જે પ્રમાણે શાસ્ત્રકારે. વસ્ત્ર તે ચોળપટો, (નિચેનું વસ્ત્ર) ચાદર (તે ઉપરનું વસ્ત્ર) તથા પાત્ર તે લાકડાનું તુંબાનું કે માટીનું હોય. અથવા વર્ષાઋતુમાં વાપરવાને કામળ હોય અથવા પગ પુંજવનું રજોહરણ વિગેરે છે. તે ગુપ્ત ભાગ ઢાંકવા તથા સંયમની રક્ષા માટે જેવાં બનાવ્યાં હોય તે પ્રમાણે રાખવાથી સંયમ પળે છે. જેમકે જો કપડું ન હોય તો ગૃહસ્થની સ્ત્રીઓ શરમાય. પોતાનાથી ગોચરી પણ ન થાય તથા હાથમાં આહાર લેતાં ઢળે. અથવા ગૃહસ્થના વાસણમાં લેતાં તે પછવાડે કાચા પાણીથી વાસણ ધુવે તો સાધુને દોષ લાગે એટલા માટે સાધુઓ વિધિએ પાત્ર વીગેરે સંયમ રક્ષણ માટે અને લજ્જાના માટે વાપરે અને ખાસ કારણ આવે તો ત્યાગે પણ ખરા, અથવા જરૂર પરેથી મમતા રહીત થઇ વાપરે.

न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो, इअ वुत्तं महेसिणा ॥२०॥

એટલા માટે માપસર વસ્ત્ર પાત્ર પાસે રહેવા છતાં તેને જ્ઞાત પુત્ર (મહાવીર પ્રભુ) જે સર્વ જીવોના રક્ષક છે. તેમણે કેવળ જ્ઞાનથી જાણીને સ્વપરની રક્ષા કરનાર આ વસ્ત્ર પાત્રને પરિગ્રહ કહ્યો નથી. પણ મહર્ષી એટલે ગણધરો કહે છે કે તે વસ્તુ ઉપર મુર્છા રાખે, તો તેને પરિગ્રહ કહેવો.

सव्वत्थुवहिणा बुद्धा, संरक्खणपरिग्गहे ।
अवि अप्पणोऽवि देहंमि, नायरंति ममाइयं॥२१॥

શંકા—વસ્ત્ર હોય તો પરીગ્રહ કેમ નહી ? તેનો ખુલાસો કરે છે. સમ્યગ્ બોધ વડે અજ્ઞાનનો નાશ થાય છે એટલે તત્વને જાણનારા સાધુઓ છ જીવનિકાયની રક્ષા કરવાને માટેજ આ વસ્ત્ર પાત્ર રાખે છે, તથા તેને આવશ્યક વસ્તુઓ માનીને વાપરવા છતાં તેના ઉપર આ મારૂં છે એવો મમત્વ રાખતા નથી, પણ વસ્ત્ર કરતાં વધારે ઉત્તમ પોતાના શરીર ઉપર પણ તત્વના જાણ હોવાથી મમતા રાખતા નથી. જો સંયમની રક્ષા ન થતી હોય તો અણસણ કરી જીવિતનો અંત લાવે છે. તેથી દેહ કે પાત્ર કે વસ્ત્ર ઉપર સાધુને મમત્વ નથી, (પણ કર્મ ખપાવવા સ્વપરના રક્ષણ માટે શાસ્ત્રોક્ત મર્યાદાએ વાપરે છે) જેમ મમતા રહિત કાયામાં છે તેજ પ્રમાણે વસ્ત્રમાં પણ મમતા રહિત છે.

अहो निच्चं तवो कम्मं, सव्वबुद्धेहिं वण्णिअं ।
जाव लज्जासमा वित्ती, एगभत्तं च भोअणं ॥२२॥

તેથી તેઓ શું કરે છે તે છઠું સ્થાન બતાવે છે. સર્વ દોષોને દૂર કરનાર ગુણોની વૃદ્ધિ કરનાર તપ જે જીનેશ્વર તથા ગણધરોએ બતાવેલ છે સંયમને વિરોધ ન કરે, પણ

પુષ્ટિ કરનાર વસ્તિ છે માટે તે તપને સાધુઓ કરે પણ દેહને ટકાવી રાખવાના માટે રાગદ્વેષ રહિતપણે દિવસમાં એકવાર ભોજન કરે.

संतिमे सुहुमा पाणा, तसा अदुव थावरा ।
जाइं राओ अपासंतो, कहमेसणिअं चरे ? ॥२३॥

રાત્રીમાં શા માટે નહીં ? તે બતાવે છે. કેટલાક સૂક્ષ્મ જીવો જે ત્રસ કે સ્થાવર હોય તેને સાધુ દીવા કે ચંદ્રના પ્રકાશ માં આંખથી બરોબર જોઈ શક્તો નથી. તેથી ગોચરી લાવતાં કે ભોજન કરતાં જીવોની રક્ષા ન કરી શકે તો શુદ્ધ ગોચરી કેવી રીતે થાય ?

उदउल्लं बीअसंसत्तं, पाणा निवडिया महिं ।
दिआ ताइं विवज्जिज्जा, राओ तत्थ कहं चरे?॥२४॥

રાતમાં ભિનાસમાં લીલણુ ફુલણુ હોય અથવા સચિત્ત બીજ યુક્ત હોય અથવા તે પ્રમાણે ઘી, વિગેરેમાં કીડી, મકોડી હોય, તથા ઓસામણ, છાસ વિગેરેમાં પણ ડાંસ, મચ્છર ઉડતા પડેલા જીવો હોય,

શંકા. દીવસે પણ તે જીવો હોય છે તો શું કરવું.

ઉત્તર. સાધુ પરલોકની ભીતિએ દિવસે બરોબર આંખે જોઈને ગોચરી કરે તેમાં કદાચિત લીલણ ફુલણ [illegible]

तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥२७॥

હવે હિંસાના દોષ કહે છે. પૃથ્વીકાયને ખોતરવા વિગેરેથી જે હણે છે તે પૃથ્વી સીવાય જે બીજા જીવો તેને આશ્રયે રહેલ પાણી તથા બે ઇંદ્રિય વિગેરે અનેક ત્રસ સ્થાવરો છે જે આંખે દેખાય અથવા ન દેખાય તેવા છે તેમને પણ હણે છે.

तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
पुढविकायसमारंभं, जावज्जीवाइ वज्जए ॥२८॥

એ પ્રમાણે પૃથ્વીકાય તથા તેને આશ્રયે રહેલા બીજા જીવોની હિંસા થતી જાણીને તેનાથી દુર્ગતિનું વધવું જાણીને પૃથ્વીકાયનો આરંભ જે જમાન ખોતરવી વિગેરે છે, તે સાધુએ આખી જીંદગી સુધી તજે.

आउकायं न हिंसंति, मणसा वयस कायसा ।
तिविहेण करणजोएण, संजया सुसमाहिआ ॥२९॥
आउकायं विहिंसंतो, हिंसई उ तयस्सिए ।
तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥३०॥
तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
आउकायसमारंभं जावज्जीवाइ वज्जए ॥३१॥

તે પવનનો આરંભ તાડના પંખાથી તથા પાંદડાથી જેનું સ્વરૂપ ચોથા અધ્યયનમાં બતાવ્યું છે. તે પ્રમાણે પોતે પંખા વિગેરેથી હવા-ખાતા નથી. તેમ બીજાની પાસે પંખો નખાવતા નથી. તેમ હવાખાનારની પણ અનુમોદના કરતા નથી.

जंपि वत्थं व पायं वा, कंवलं पायपुंछणं ।
न ते वायमुईरंति, जयं परिहरंति अ ॥३८॥

પોતાના ઉપકરણથી પણ વિરાધના નકરે તે બતાવે છે. વસ્ત્ર પાત્ર કામળ રજોહરણ વિગેરે જે, ધર્મોપકરણ છે. તેના વડે પણ હવા ખાતા નથી એટલુંજ નહી, પણ જો જોરથી પવન ચાલતાં વસ્ત્રનો છેડો વિગેરે હાલતાં હોય તો તેની પણ યતના કરે, બરોબર બાંધી રાખે એટલે વાયુની પોતે ઉદીરણા નકરે તેમ વસ્ત્રથી પણ વાયુને દુઃખ થવા નદે.

तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
वाउकायसमारंभं, जावजीवाइ वज्जए ॥३९॥

ઉપર મુજબ વાયુના સમારંભમાં પણ દોષો જાણીને આ માં જીંદગી સુધી સાધુ તેનો સમારંભ તજે

वणस्सइं न हिंसंति, मणसा वयस कायसा ।
तिविहेण करणजोएणं, संजया सुसमाहिआ ।४०।

वणस्सइं विहिंसंतो, हिंसई अ तयस्सिए ।
तसे अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥४१॥
तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
वणस्सइसमारंभं, जावजीवाइ वज्जए ॥४२॥

હવે અગીઆરમા સ્થાનમાં વનસ્પતિકાયનો આરંભ તજવા કહે છે. પૂર્વ માફક તેમાં દોષો જાણીને સાધુએ વનસ્પતિકાયનો આરંભ ન કરવો ટીકા વિશેષ નથી પણ આદો અર્થ પૂર્વ માફક છે. કે સાધુ ત્રણ કરણ ત્રણ યોગ વડે વનસ્પતિકાયની હિંસા નકરે કારણકે વનસ્પતિ કાયમાં, અનેક જીવો રહેછે. તેથી તે બધાની હિંસા થાય છે, જેમાંના કેટલાક આંખે દેખાય અને કેટલાક દેખાતા નથી, તેટલા માટે આખી જીંદગી સુધી વનસ્પતિકાયનો સમારંભ સાધુ ન કરે,

तसकायं न हिंसंति, मणसा वयस कायसा ।
तिविहेण करणजोएणं, संजया सुसमाहिआ ॥४३॥
तसकायं विहिंसंतो, हिंसई उतयस्सिए ।
तेस अ विविहे पाणे, चक्खुसे अ अचक्खुसे ॥४४॥
तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।

તે પવનનો આરંભ તાડના પંખાથી તથા પાંદડાથી જેવું સ્વરૂપ ચોથા અધ્યયનમાં બતાવ્યું છે. તે પ્રમાણે પોતે પંખા વિગેરેથી હવા-ખાતા નથી. તેમ બીજાની પાસે પંખો નખાવતા નથી. તેમ હવાખાનારની પણ અનુમોદના કરતા નથી.

जंपि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।
न ते वायमुईरंति, जयं परिहरंति अ ॥३८॥

પોતાના ઉપકરણથી પણ વિરાધના નકરે તે બતાવે છે. વસ્ત્ર પાત્ર કામળ રજોહરણ વિગેરે જે ધર્મોપકરણ છે. તેના વડે પણ હવા ખાતા નથી એટલુંજ નહીં પણ જો જોરથી પવન આવતાં વસ્ત્રનો છેડો વિગેરે હાલતાં હોય તો તેની પણ યતના કરે, બરોબર બાંધી રાખે એટલે વાયુની પોતે હીંસણા નકરે તેમ વસ્ત્રથી પણ વાયુને દુઃખ થવા નદે.

तम्हा एअं विआणित्ता, दोसं दुग्गइवड्ढणं ।
वाउकायसमारंभं, जावजीवाइ वज्जए ॥३९॥

ઉપર મુજબ વાયુના સમારંભમાં પણ દોષો જાણીને આખી જીંદગી સુધી સાધુ તેનો સમારંભ તજે.

वणस्सइं न हिंसंति, मणसा वयस कायसा ।
तिविहेण करणजोएणं, संजया सुसमाहिआ ॥४०॥

વિગેરે વાપરે તો તેથી પણ કાચાપાણીનો આરંભ થાય એટલા માટે કેવળ જ્ઞાનીએ જોયું છે કે ગૃહસ્થનું વાસણ વાપરતાં સાધુને અસંયમનો દોષ લાગે છે. કારણકે તેમાં ગ્રહસ્થદ્વારા જીવો હણાય છે.

पच्छाकम्मं पुरेकम्मं, सिआ तत्थ न कप्पइ।
एअमट्ठं न भुंजंति, निग्गंथा गिहिभायणे ॥५२॥

ગ્રહસ્થનું વાસણ વાપરતા પહેલાં અથવા પછી ગ્રહસ્થો કાચું પાણી વાપરશે. તેથી સાધુને તેનું વાસણ લેવું ન કલ્પે તથા તેજ કારણે તેવા વાસણમાં ગોચરી નકરે (કોઈ રોગાદી આસકારણે યોગ્ય વાસણના અભાવે ગ્રહસ્થનું વાસણ લેવું પડતો ગ્રહસ્થને પ્રથમ અને પછી ઉપદેશ કરવો કે આપ્રમાણે કાચા પાણીથી દોષ ન લગાડવો તે ધ્યાન રાખવું પણ અચિત્ત ચૂળ વિગેરેથી સાફ કરવું.)

आसंदीपलिअंकेसु, मंचमासालएसु वा।
अणायरिअमज्जाणं, आसइत्तु सइत्तु वा ॥५३॥

સ્થાન પંદરમું બતાવે છે. માંચી પલંગ ખાટલો તથા ટેકો દઈ બેસવાના આસન જેમકે ખુરશી કોચ વિગેરે સાધુઓને બેસવાને અથવા સુવાને વાપરવાં કલ્પતાં નથી. તેમાં અપવાદ બતાવે છે.

तम्हा असणपाणाइं, कीअमुद्देसिआहडं ।
वज्जयंति ठिअप्पाणो, निग्गंथा धम्मजीविणो ।४९।

એટલા માટે સાધુઓ ઉપર કહેલ ચારે પ્રકારનું આહાર વસ્ત્ર વિગેરે ખરીદેલ વિગેરે દોષો વાળું લેત નથી તે સાધુઓ સ્થિર આત્મા વાળા નિર્ગ્રંથ તથા ધર્મજીવિત વાળા છે.

कंसेसु कंसपाएसु, कुंडमोएसु वा पुणो ।
भुंजंतो असणपाणाइं, आयारा परिभस्सइ ॥५०॥

સ્થાન ચૌદમામાં ગૃહસ્થનાં વાસણો ન વાપરવાનું કહે છે. કાંસાના થાળ વાડકા કુંડી વિગેરે અથવા માટીનું વાસણ હાથીના પગના આકારનું કુંડમોદ નામનું (કુંડું) વિગેરે વાસણમાં સાધુ ખાય અને તે નિર્દોષ ગોચરી હોય તો પણ આચારથી સાધુ ભ્રષ્ટ થાય છે.

सीओदगसमारम्भे, मत्तधोअणछड्डणे ।
जाइं छंनंति (छिप्पंति) भूआइं, दिट्ठो तत्थ असंजमो ॥५१॥

કારણકે સાધુએ વાપર્યા પછી તે વાસણોને ગૃહસ્થો સાફ કરવા કાચું પાણી વિગેરે વાપરે તથા ગૃહસ્થની પિયાળની કુંડી

વિગેરે વાપરે તો તેથી પણ કાચાપાણીનો આરંભ થાય એટલા માટે કેવળ જ્ઞાનીએ જોયું છે કે ગૃહસ્થનું વાસણ વાપરતાં સાધુને અસંયમનો દોષ લાગે છે. કારણકે તેમાં ગૃહસ્થદ્વારા જીવો હણાય છે.

पच्छाकम्मं पुरेकम्मं, सिआ तत्थ न कप्पइ।
एअमट्ठं न भुंजंति, निग्गंथा गिहिभायणे ॥५२॥

ગૃહસ્થનું વાસણ વાપરતા પહેલાં અથવા પછી ગૃહસ્થો કાચું પાણી વાપરશે. તેથી સાધુને તેનું વાસણ લેવું ન કલ્પે તથા તેજ કારણે તેવા વાસણમાં ગોચરી ન કરે (કોઈ રોગાદી આગાઢકારણે યોગ્ય વાસણના અભાવે ગૃહસ્થનું વાસણ લેવું પડેતો ગૃહસ્થને પ્રથમ અને પછી ઉપદેશ કરવો કે આપ્રમાણે કાચા પાણીથી દોષ ન લગાડવો તે ધ્યાન રાખવું પણ અચિત્ત ધૂળ વિગેરેથી સાફ કરવું.)

आसंदीपलिअंकेसु, मंचमासालएसु वा।
अणायरिअमज्जाणं, आसइत्तु सइत्तु वा ॥५३॥

સ્થાન પંદરમું બતાવે છે. માંચી પલંગ ખાટલો તથા કેટો ઇ૦ બેસવાના આસન જેમકે ખુરશી કેચ વિગેરે સાધુઓને બેસવાને અથવા સુવાને વાપરવાં કલ્પતાં નથી. તેમાં અપવાદ બતાવે છે.

नासंदीपलिअंकेसु, न निसिज्जा न पीढए।
निग्गंथाऽपडिलेहाए, बुद्धवुत्तमहिट्ठगा ॥५४॥

એટલા માટે જ્યાં પોતી વસ્તુ હોય. જેમાં જીવ અગર રહેલા દેખાતા ન હોય તેની પ્રતિલેખના (આંખથી જોવું.) થઇ શકે નહી માટે તેને વાપરે નહી આવું પંડિત સાધુએ જે તાર્થંકરની આજ્ઞાએ વર્તનારા છે. તેઓ કહે છે. મૂળમાં પીઠક શબ્દ છે તેનો અર્થ નેતરથી ભરેલાં આસનો જાણવાં તેમાં પણ સાધુઓ ન બેસે. (જરૂર પડેતો લાકડાના પાટીયાંનાં બનાવેલાં પાટ પાટલા જેમાં માકણ વિગેરે જીવો નરહે તેવાં વાપરવાં,) પણ ધર્મકથા કરતાં તથા જરૂર પડે ઉપદેશ અર્થે રાજ સભામાં જતાં આંખથી દેખાય તેવી પાટ વિગેરે વાપરવાં તે કહે છે,

गंभीरविजया एए, पाणा दुप्पाडिलेहगा ।
आसंदी पलिअंको अ, एअमट्ठं विवज्जिआ॥५५॥

આ પ્રકાસવાળા સ્થાનમાં ભરાએલા ચાંચડ માંકણ વાળા આસન વિગેરે આંખોથી તેમાંના જીવો ન દેખાવાથી તેને વાપરતાં અંદરના રહેલા જીવો દુઃખ પામે છે, એટલા માટે સાધુઓ એને વાપરતા નથી,

गोअरग्गपविट्ठस्स, निसिज्जा जस्स कप्पइ ।

इमेरिसमणायारं, आवज्जइ अवोहिअं ॥५६॥

હવે સોળમું સ્થાન કહે છે, ગોચરીમાં ગએલો સાધુ જો ગ્રહસ્થના ઘરમાં બેસવાનું રાખે તો હવે પછીના કહેવાતા અનાચારના દોષો તથા મીથ્યાત્વના દોષો લાગશે,

विवत्ती वंभचेरस्स, पाणाणं च वहे वहो।
वणीमगपडिग्घाओ, पडिकोहो अगारिणं ॥५७॥

ગ્રહસ્થના ઘરમાં બેસવાથી બ્રહ્મચર્યને નુકશાન, જીવોના વધ થાય. તેનો દોષ તથા બીજાને ભિક્ષા લેવા આવતાં અટકાવ થાય તેથી તેને દ્વેષ થાય તથા ગ્રહસ્થને ક્રોધ થાય કે, ઘરની સ્ત્રી સાથે એને શું સંબંધ છે.

अगुत्ती वंभचेरस्स, इत्थीओ वावि संकणं।
कुसीलवड्ढणं ठाणं दूरओ परिवज्जए ॥५८॥

બ્રહ્મચર્યનું રક્ષણ નહી થાય. તથા સ્ત્રીઓને તેના ઉપર દુરાચારની શંકા (અભિલાષા) તેના વિકસ્વર નેત્રો જોવાથી થશે, તેથી ગ્રહસ્થના ઘરમાં બેસવું તે દોષોનું વધારનારૂં જાણીને સાધુઓ તેને દૂરથી તજે, અર્થાત્ ગ્રહસ્થના ઘરમાં નબેસે.

तिण्हमन्नयरागस्स, निसिज्जा जस्स कप्पई।
जराए अभिभूअस्स, वाहिअस्स तवस्सिणो ॥५९॥

ત્રણ કારણવાળા યોગ્ય જણાઓ ગ્રહસ્થના ઘરમાં બેસેતે તેમને દોષ લાગતો નથી. તે બતાવે છે. વૃદ્ધાવસ્થાથી અશક્ત હોય અથવા બહુ રોગથી થાકી ગયો હોય. અથવા માસ ક્ષ વિગેરે લાંબા ઉપવાસથી જેની કાયા અશક્ત હોય તેવે કારણે સાધુ ગ્રહસ્થના ઘરમાં અથવા બહાર થોડીવાર સુધી વીસામો લેવા બેસે છે. પણ ત્યાં બેસીને ભિક્ષુક વિગેરેને અંતરાય ન થાય. તે સંભાળ રાખે આ અપવાદ રૂપ છે.

वाहिओ वा अरोगी वा, सिणाणं जो उ पत्यए।
वुक्कंतो होइ आपारो, जढो हवइ संजमो ॥६०॥

સતરમું સ્થાન કહેછે. વ્યાધી વાળો અથવા નિરોગી જે સ્નાન કરે. તો તેથી જીવોની વિરાધના થતાં અસંયમ થાય છે. અને સાધુને સ્નાન કરવાથી આઘાતપરૂપ આચાર પળે નહીં માટે સ્નાન કરવું નહીં.

संतिमे सुहुमा पाणा, घसासु भिलुगासु अ।
जे अ भिक्खू सिणायंतो विअडेणुप्पलावए ॥६१॥

અચિત પાણીએ સ્નાન કરવાથી અસંયમ કેવી રીતે થાય! તે બતાવે છે. પ્રત્યક્ષ દેખાતા ઝીણા જીવો (કેથુવા વિગેરે) જમીનમાં જ્યાં પોલી જમીન હોય તેમાં રહેછે. તથા ભીલુગા (ફાટ-ભરેલા ચીરામાં) રહે છે. તે સ્નાનના પાણીનો રેલો જતાં તે જીવો નાશ પામે છે. અને તેથી સંયમનો ઘાત થાય.

तम्हा ते न सिणायंति, सीएण उसिणेण वा।
जावज्जीवं वयं घोरं, असिणाणमहिट्ठगा ॥६२॥

તેટલા માટે જીનેશ્વરની આજ્ઞામાં રહેનાર સાધુઓ કાચા અથવા ઉના પાણીથી સ્નાનની ઇચ્છા કરતા નથી. એવું મહા ભયંકર વ્રત સ્નાન નકરવાનું છે. તે આખી જીંદગી સુધી પળેછે.

सिणाणं अदुवा कक्कं, लुद्धं पउमगाणि अ।
गायस्सुव्वट्टणट्ठाए, नायरंति कयाइवि ॥६३॥

પૂર્વે કહેલું સ્નાન અથવા (ચંદન કલ્ક) ચંદનનો લેપ વિગેરે તથા લોધર (એક જાતની સુગંધી વસ્તુ) પદમ (કેશરના તાંતણા) આ બધા પદાર્થો ભાવ સાધુઓ લેપ વિગેરેમાં આખી જીંદગી સુધી વાપરતા નથી.

नगिणस्स वावि मुंडस्स, दीहरोमनहंसिणो।
मेहुणा उवसंतस्स, किं विभूसाइ कारिअं ?॥६४॥

અઢારમું સ્થાન હવે કહે છે. જેમ સ્નાન ત્યાગ્યું. તેમ સાધુએ શરીરની પણ શોભા ન કરવી તે અઢારમું સ્થાન છે, સાધુ નગ્ન હોય અથવા માથું મૂડાવેલું હોય. જેના લાંબા વાળ અને નખ હોય એટલે જીન કલ્પીને બીલકુલ કપડાં નહોય. સ્થવિર કલ્પીને પરિમાણ વાળાં હોય તથા બગલ વિગેરેમાં

વાળ નખ્યાજ કરે તથા સ્નાન વિગેરે ન કરવાથી તથા બ્રહ્મચર્ય તે સંસારની વાંચ્છના તેને શાન્ત હોવાથી તેને શોભાનું મન શી રીતે થાય ? (ન થાય) અને વિભૂષા કરે તો દુઃખ પામે તે કહે છે.

विभूसावत्तिअं भिक्खु, कम्मं बंधइ चिक्कणं।
संसारसायरे घोरे, जेण पडइ दुरुत्तरे ॥६५॥

જો સાધુ પોતાનો માર્ગ ભૂલીને ગ્રહસ્થની માફક શોભા કરેતો તે શોભાના કારણથી (સ્ત્રીઓને વિભ્રમમાં પાડી) અનેક પ્રકારનાં સંસાર ભ્રમણનાં ચીકણાં કર્મ બાંધી તે કર્મથી તથા અયોગ્ય કૃત્ય કરવાથી ઘોર સંસાર સાગરમાં બૂડે છે.

विभूसावत्तिअ चेअं, बुद्धा मन्नंति तारिसं।
सावज्जबहुलं चेअं, नेयं ताईहिं सेविअं ॥६६॥

આ પ્રમાણે બાહ્ય શોભાનું દુઃખ બતાવીને હવે જેઓ વિભૂષાનો સંકલ્પ કરે છે. તેનુ દુઃખ બતાવે છે. કે, તીર્થંકરો એવું કેવળ જ્ઞાનથી જાણે છે. કે મનમાં પણ વિભૂષાનો સંકલ્પ કરનારો સાધુ બહુ પાપના કૃત્ય કરે માટે આત્મામાં આનંદ માનનારા સાધુઓ આર્તધ્યાન કરાવનારૂં. આ કૃત્ય કરતા નથી. (જાણેછે કે. તેથી અનંત ગણુ દુઃખ ભોગવવું પડશે.)

खवंति अप्पाणममोहदंसिणो, तवे रया संजमअज्जवे गुणे। धुणंति पावाइं पुरेकडाइं, नवाइं पावाइं न ते करंति ॥६७॥

આ પ્રમાણે મૂળ ગુણ તે ૬ વ્રત અને ૬ કાયની રક્ષા તે બાર છે. અને ઉત્તર ગુણમાં અકલ્પ્ય અકલ્પનું વાસણ પલંગ નીસજ્જા (એટલે ગ્રહસ્થના જેવું ઘર,) સ્નાન અને શોભા એ ૬ ત્યાગવાથી ૬ ઉત્તર ગુણ છે, ઉત્તર ગુણ એટલે જેના વડે મૂળ ગુણ જે મહાવ્રત રૂપ છે. તેને ટેકો આપે તે અઢાર સ્થાન થયાં. તે પૂરાં પાળે તો શું થાય તે બતાવે છે.

सओवसंता अममा अकिंचणा, सविज्जविज्जाणुगया जसंसिणो। उउप्पसन्ने विमलेव चंदिमा, सिद्धिं विमाणाइं उवेंति ताइणो ॥६८॥

त्तिबेमि ॥ छट्ठं धम्मत्थकामज्झयणं समत्तं ॥६॥

મોહ રહિત દર્શનવાળા અર્થાત્ બરોબર દેખનારા તેઓ અણસણ વિગેરે તપમાં રક્ત, તથા સંયમ, તથા સરળતાના ગુણો ધરનારા તેઓ પ્રથમનાં કર્મ દૂર કરે છે, અને અપ્રમત્ત પણાથી નવાં પાપ બાંધતા નથી.

સદા મોહની શાન્તિ છે. તથા મમતાથી રહીત છે. જેઓ

કંઈ પણ જાતનો પરિગ્રહ રાખતા નથી. તથા આત્મજ્ઞાનની વિદ્યામાં રક્ત છે. જે આ લોક અને પરલોકમાં ઉપકારી છે. (તે શ્રુત જ્ઞાનમાં નિરંતર મન રાખનારા છે તેઓ આ લોકમાં કીર્તિ મેળવે છે. અને સરદ રૂતુના ચંદ્રમાની ચાંદરણી જેવા નિર્મળભાવ વાળા, સાધુ પોતાના ઉત્તમ કૃત્યથી કાંતો આઠે કર્મ ત્યાગીને મોક્ષમાં જાય છે. અથવા ઉપર કહેલા નિર્મળ વિમાન તે વૈમાનિક દેવલોક તે સૌધર્મ અવતંસક વિગેરે ઉત્તમ વિમાનમાં ઉત્પન્ન થાય છે. તે પોતે અહીંયાં પણ સાધુ ધર્મમાં રહીને સ્વપરનું રક્ષણ કરવાથી ત્રાતા (રક્ષક) છે. સૂત્ર અનુગમ કહ્યો નયોનું વર્ણન પૂર્વ માફક જાણવું, અને ધર્મ અર્થ અને કામ એ ત્રણેને યથા યોગ્ય બતાવનારૂં અ. છઠ્ઠું અધ્યયન સમાપ્ત થયું.

વાકય શુદ્ધિ નામનું ૭ મું અધ્યયન.

હવે વાકય શુદ્ધિ નામનું સાતમું અધ્યયન કહે છે. છઠ્ઠામાં કહ્યું છે કે સાધુએ ગોચરીમાં જતા પોતે જાણવા છતાં તથા પૂછવા છતાં. પણ ધર્મ કથા વિસ્તારથી ન કરવી પણ પોતાના ગુરૂપાસે સ્થાનમાં મોકલવા અહીંયાં સાતમા અધ્યયનમાં બતાવશે કે ધર્મ કથા કરતાં પ્રથમ બોલતાં દોષ અને ગુણો શું થશે. તે જાણીને નિરંવદ્ય વચન વડે ઉપદેશ આપવો, તેજ કથા કહે છે.

सावज्जणवज्जाणं वयणाणं जो न याणइ विसेसं ।
वोत्तुंपि तस्स ण खमं, किमंग पुण देसणं काउं ?॥१॥

સાવદ્ય અને નિરવદ્ય વચનનું જે સાધુ વિશેષ પણું નથી જાણતો તેને બોલવાની પણ આજ્ઞા નથી. તો ઉપદેશ દેવાનો અધીકાર ક્યાંથી હોય ? (તેણે ઉપદેશ ન આપવો.) આ પ્રમાણે છઠ્ઠા સાતમા અધ્યયનનો સંબંધ છે. એના અનુયોગદ્વારનું વર્ણન કરવું. તેમાં પૂર્વની માફક નામ નિક્ષેપા સુધી બતાવવું. અને તેમાં "વાક્ય શુદ્ધિ"વાળું બે પદનું નામ જાણવું તેમાં પ્રથમ વાક્યના નિક્ષેપા કહે છે.

निक्खेवो अ (उ) चउक्को वक्के दव्वं तु भासदव्वाइं ।
भावे भासासद्दो तस्स य एगट्ठिआ इणमो ॥२६१॥

નામ સ્થાપના દ્રવ્યભાવ એમ ચાર પ્રકારે વાક્યનો નિક્ષેપો જાણવો નામ સ્થાપના સુગમ છે. દ્રવ્ય વાક્ય તે 'જ્ઞ-શરીર-ભવ્યશરીર' તે બેથી જુદું, ભાષાદ્રવ્ય તે દ્રવ્ય વાક્ય [illegible] એટલે જે વખતે ગ્રહણ કરેલા પણ તે પુદ્ગલો [illegible] ન બોલે [illegible] જાણવા પણ ઉચ્ચાર કર્યા પછી [illegible] શબ્દ પરિણામે છે. તે ભાવવાક્ય છે. [illegible] વાળાં ના [illegible] સુગમ છે,

वक्कं वयणं च गिरा सरस्सई भारई। [illegible]

માં. જે લેખ લખાય અક્ષરક્ષેત્રરાય કે આ તોલમાં માસો છે. અથવા આ કાર્ષાપણ (એકજાતનો શીક્કો) આ નો છે. આ હજાર છે. (હુંડી, નોટ, વિગેરેમાં તે આંકડા પ્રત્યક્ષ છે) નામ સત્ય તે કોઈ માણસ કુળને વધારનારો ન પણ હોય. તોપણ કુળવર્ધન નામ પાડયું હોય તો તે પણ સત્ય છે. એ પ્રમાણે ધનવર્ધન ન હોય તો પણ ધનવર્ધન નામ પાડે તે સત્ય છે. તે પ્રમાણે યક્ષ ન હોય, છતાં નામ યક્ષ પાડે તો તે યક્ષ કહેવાય હવે રૂપ સત્ય કહે છે. કોઈનામાં તેવા ગુણો ન હોય છતાં તેવું રૂપ ધારે તો તે રૂપસત્ય કહેવાય, જેમકે કોઇમાં સાધુના ગુણો નથી. પણ સાધુનો વેષ ધારે. તો તે રૂપ સાધુ કહેવાય છે. પ્રતીત્યસત્ય કહે છે. જેમકે, અનામીકા આંગળીનું બીજી આંગળી સાથે સરખાપણું કરતાં તે લાંબી ટુંકી કહેવાય. તે પ્રમાણે આ અનંત પરીજ્ઞાન વાળા દ્રવ્યનું તે તે સહકારી કારણોના સંબંધથી તે તે રૂપ પ્રગટ થાય છે. તે પ્રતીત્યસત્ય કહેવાય છે. હવે વ્યવહાર સત્ય કહે છે. (ઘાસ બળતુ હોય.) છતાં પહાડ બળે છે. તેમ કહેવાય છે. પાણી ઝરતું હોય. છતાં ઘડો ઝરે છે એમ કહેવાય છે તથા પેટ છતાં અનુદરા (પેટવિનાની) કન્યા કહેવાય છે. તે આગળ કહેશે, અહીંઆ એટલે પેટ ઉપર [illegible] [illegible] હોય. તેને કહેછે એ પ્રમાણે એકેક તથા [illegible] [illegible] [illegible] બીજુ આ પ્રમાણે [illegible] [illegible] છે. અનુદરાનો અર્થ આ છે કે, જે કન્યાને [illegible] [illegible]

કોઈ નગરમા આજે દશ જુદા માણસ મરી ગયા, તેથી ઓછા વધતા મરેલા હોય તો તે પણ મિશ્ર ભાષા જાણવી. એટલે આ જન્મ મરણને આશ્રયી મિશ્ર ભાષા જાણવી. તથા જીવ સંબંધી એટલે જીવતા અને મરેલા કરમીયા હોય તો જીવતા કરમીયા બોલતાં મિશ્ર ભાષા કહેવાય, અથવા અજીવ મિશ્ર તે અજીવ સંબંધી ઘણા કરમીયા મરેલા હોય, અને થોડા જીવતા હોય તો કહે કે મરેલા કરમીયા તો તે મિશ્ર ભાષા કહેવાય. જીવાજીવ મિશ્ર તે કોઈપણ માણસ એમ કહે કે આટલાજ મરેલા અને આટલાજ જીવતા કહેલા તેથી ઓછા વધારે મરેલા જીવતા હોય તો તે જીવાજીવ આશ્રયી મિશ્ર કહેવાય. તથા અનંત મિશ્ર તે મૂળા, કદ વિગેરેના પાંદડામા પ્રત્યેક (પરીત) વનસ્પતિના જીવો હોય તે બધાને અનંતકાય કહેવાથી અનંત મિશ્ર કહેવાય, તે પ્રમાણે પ્રત્યેકને આશ્રયી તે ઘણા જીવો પ્રત્યેક હોય તેમા કોઈ અનત હોય. તેને પ્રત્યેક કહેતાં પ્રત્યેક મિશ્ર કહેવાય. અદ્ધા મિશ્ર તે કાળ સબંધી છે જેમકે કોઈ પણ માણસ કોઈ કાર્યના સોબતીઓને કહે કે રાત પડી છે, છતા દીવસ થોડો બાકી હોય તો તે કાળ મિશ્ર કહેવાય. (કાળ અને અદ્ધા એકજ છે.) અદ્ધદ્ધ મિશ્ર એટલે દીવસ અને રાતનો એક ભાગ, તે સબંધી મિશ્ર બોલે જેમકે કોઈ કાર્યમા ઉતાવળ હોય તો એક પહોર દીવસ ચડયો હોય તો પણ કહે કે મધ્યાન્હ થઈ ગયો છે એ પ્રમાણે મિશ્ર શબ્દ

કરોય઼ી એટલે. (આને પરમાર્થ એ છે કે ચોક્કસ ખાત્રી કર્યા વિના જે બોલવું તેમાં થોડું સાચું, અને થોડું જુઠું બોલાય તો તે મિશ્ર ભાષા કહેવાય છે.) હવે અસત્ય મૃષા કહે છે.

आमंतणि आणवणी जायणि तह पुच्छणी अ पन्नवणी य। पच्चक्खाणी भासा भासा इच्छाणुलोमा अ॥७६

આમંત્રણની ભાષા જેમકે હે દેવદત્ત! તેમાં સાચું જુઠું કશું પણ નથી, કારણ કે પૂર્વે કહેલા સત્ય અસત્ય કે મિશ્ર નો ભાગ લાગુ પડતો નથી, એ પ્રમાણે બીજામાં પણ જાણવું એ પ્રમાણે આજ્ઞા સંબંધી, જેમકે શિષ્યને કહે કે આ કર, આ પણ કરવું ન કરવું, બનેનો અભાવ હોવાથી પરમાર્થથી એક પણ નીયમ નથી, તેમજ અદુષ્ટ, વિવક્ષાને જન્મ આપનારો હોવાથી તે અસત્ય મૃષા કહેવાય. એ પ્રમાણે પોતાની બુદ્ધિ વડે બીજી જગ્યાએ પણ વિચારી લેવું. યાચના ભાષા, કે મને ભિક્ષા આપો આમાં પણ સાચ, જુઠ કે મિશ્ર નથી. તે પ્રમાણે પૃછના સંબંધી જેમકે આ વાત કેવી રીતે છે? તેમજ પ્રજ્ઞાપની (ઉપદેશ રૂપ) જેમકે હિંસામાં રક્ત માણસ દુઃખ વિગેરેનો ભાગીઓ થાય છે. પ્રત્યાખ્યાની ભાષા ને અહિંસા. (   ) ભાષા તથા ઇચ્છાનુલોમા તે કોઇએ કોઇને કહ્યું કે સાધુ પાસે જઇએ ત્યારે તે ઉત્તર આપે, હા, બહુ સારૂં.

(જુદ) છે વિજ્ઞાન વિગેરેનું પણ તેમજ છે. તેવીજ રીતે જૈન શિવાયના પણ મિથ્યા દૃષ્ટિઓ જે કંઈ તત્વ સમજ્યા વિના ઉપયોગમાં રહીને અથવા ઉપયોગ રહીત થઈને બોલે તે તત્વની દ્રષ્ટિએ જુદુંજ છે. ઘુણના કીડાથી લાકડામાં કોતરએલા અક્ષરના ન્યાયથી સ વાદમા તેઓ સત્ય અથવા અસત્યમાં ઉન્મત્ત માણસની માફક બોલે તેથી તે મૃષા ગણાય.

हवइ उ असच्चमोसा सुअंमि उवरिल्लए तिनाणंमि।
जं उवउत्तो भासइ एत्तो वोच्छं चरित्तंमि ॥२८१॥

અસત્યા મૃષા ભાષા તે શ્રુતમાં આગમ પોતેજ છે એટલે આગમમાં જે પરા વર્તન કરવું. વિગેરે સિદ્ધાંતને ભણતાં તેની આમંત્રણી વિગેરે ભાષાના રૂપ પણે હોવાથી તેજ છે. પણ અવધિ મન પર્યાય અને કેવળ જ્ઞાન એ ત્રણ જ્ઞાનમાં જે ઉપયોગ રાખતો બોલે તે અસત્યામૃષા જાણવી. આમંત્રણી ભાષા વિગેરે માફક તેવા અધ્યવસાયમા તેની પ્રવૃત્તિ છે. આ પ્રમાણે શ્રુત ભાવ ભાષા કહી પૂર્વે કહ્યું હતું કે હવે ચારિત્રને વિષે કહીશ તે ચારિત્ર સંબંધી ભાવ ભાષાને કહે છે.

ढमविइआ चरित्ते भासा दो चेव होंति नायव्वा ।
चरित्तस्स उ भासा सच्चा मोसा उ इअरस्स।२८२।

પહેલી અને બીજી ને સત્યા, અને મૃષા ભાષામાં ચારિત્ર

વિષયમાં બેજ ભાષાઓ જાણવી. તેનું સ્વરૂપ કહે છે. ચારિત્ર પરીણામ વાળાને તેની વૃદ્ધિના નિબંધન રૂપ જે ભાષા તે દ્રવ્ય સંબધી અને બીજા ભાવમાં હોય તો પણ તે સત્ય ભાષા છે. કારણ કે સંત પુરૂષોનું હીત કરે તે સત્ય ભાષા જાણવી. અને મૃષા વે ચારિત્ર રહીત સંસારી જીવની તેની વૃદ્ધિના નિબંધનના કારણ રૂપ ભાષા જાણવી. (જેનાથી જીવોનું હીત થાય તે સત્યા, અને જેનાથી જીવોનું અહિત થાય તે અસત્યા ભાષા જાણવી.) આ પ્રમાણે વાકયના એકજ અર્થવાળી ભાષાનું વર્ણન કર્યું. હવે શુધ્ધિનું સ્વરૂપ બતાવે છે.

णामंठवणासुद्धी दव्वसुद्धी अ भावसुद्धी अ ।
एएसिं पत्तेअं परूवणा होइ कायव्वा ॥२८३॥

નામ સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર પ્રકારની શુધ્ધિ છે તે દરેકની પ્રરૂપણા કરવી જોઇએ, નામ સ્થાપના સુગમ હોવાથી તેને છોડીને દ્રવ્ય શુધ્ધિ કહે છે

तिविहा उ दव्वसुद्धी तद्दव्वादेसओ पहाणे अ ।
तद्दव्वगमाएसो अणण्णमीसा हवइ सुद्धी ॥२८४॥

દ્રવ્ય શુધ્ધિ ત્રણ પ્રકારની છે, તેજ દ્રવ્યથી એટલે તદ્દ્રવ્ય શુધ્ધિ તથા આદેશથી એટલે આદેશ દ્રવ્ય શુધ્ધિ તથા પ્રાધાન્યતાથી તે પ્રાધાન્ય દ્રવ્ય શુધ્ધિ છે. તેમાં પ્રથમનું વર્ણન

ઉત્કૃષ્ટ અને કમનીય એ રંગ વિગેરે ઘણું ભાગે વહાલા છે, એમ સૂચવે છે. 'ચ' શબ્દનો છુપો ઉપન્યાસ છે (તે આગળ કહેશે.) દ્રવ્ય શુધ્ધિ કહી, હવે ભાવ શુદ્ધિ કહે છે.

एमेव भावसुध्धी तब्भावाएसओ पहाणे अ ।
तब्भावगमाएसो अणण्णमीसा हवइ सुध्धी॥२८६॥

દ્રવ્ય શુદ્ધિ માફક ભાવ શુદ્ધિ ત્રણ પ્રકારની છે તેજ ભાવમાં તે તદ ભાવ શુદ્ધિ છે. અને આ દેશ ભાવ શુદ્ધિ અને પ્રધાન ભાવ શુદ્ધિ પણ છે. તદ્‌ભાવ શુદ્ધિમાં બીજી જગ્યાએ ધ્યાન છે.ઈને તેજ ભાવમાં ધ્યાન આપવું તે. તદ્‌ભાવ શુદ્ધિ છે. અને જે ભાવ બીજા પદાર્થ વિના એકલો શુધ્ધ થાય છે, તે છે. જેમકે ભૂખ્યાને અન્નનો અભિલાષ થાય. ત્યારે તેમાં તેનું ચિત્ત લાગે, તે જ્યારે અન્ન ખાઇ લેઇ ત્યારે તેની ભાવ શુદ્ધિ થાય, તેજ પ્રમાણે આ દેશમાં પણ મિશ્ર શુધ્ધિ થાય છે, એટલે એ સંબંધી તથા તે વિના અન્ય સંબંધી તેથી કહ્યું છે કે આ દેશ ભાવ શુધ્ધિ બે પ્રકારની છે, એક તો અન્યપર; બીજી અનન્ય પણ છે જેમકે શુધ્ધ ભાવવાળા સાધુને ગુરૂ છે. તે અન્યપણામાં છે, એટલે ગુરૂ જુદા છતાં તેના ઉપર એકનો શુધ્ધ ભાવ છે તથા એકપણામાં 'શુધ્ધભાવ' પોતેજ છે, એટલે તેમાં શુધ્ધભાવ છે અન્યની જરૂર નથી પણ પોતેજ છે. હવે પ્રધાનભાવ શુધ્ધિ કહે છે.

સહન કરતાં તપશ્ચર્યા આદરતાં આ ભવમાંજ કર્મ ખપી જતાં મોક્ષ મળે છે, એટલા માટે સાધુ પણું પાળવું ઉત્તમ છે. (સ્થાનમાં અને ટીકામાં કંઇક ભેદ છે, માટે સૂત્ર પ્રમાણે અર્થ લીધો છે પણ તેથી ભાવાર્થમાં ભેદ પડતો નથી.) આ અઢારે સ્થાનને ટેકા માટે છંદ રૂપે શ્લોકો બનાવ્યા છે તે નીચે પ્રમાણે છે.

भवइ अ इत्थं सिलोगो–

जया य चयई धम्मं, अणज्जो भोगकारणा।
से तत्थ मुच्छिए बाले, आयइं नावबुज्झइ ॥१॥

આ પ્રમાણે અઢારે સ્થાન સમજાવતાં છતાંય સાધુ પાપના ઉદયથી સાધુ પણું છોડીદે તો તે મ્લેચ્છ જેવો મનોહર શબ્દ વિગેરેમા મૂર્છા પામેલો, ભવિષ્યનું દુઃખ તે મંદ બુદ્ધિવાળો જાણતો નથી તે બતાવે છે.

जया ओहाविओ होइ, इंदो वा पडिओ छमं।
सव्वधम्मपरिब्भट्ठो, स पच्छा परितप्पइ ॥२॥

જેમ ઇંદ્ર પોતાના ઇંદ્રાસનથી ભ્રષ્ટ થઇને જમીન ઉપર પડે છે, તો પોતાનું પૂર્વેનું પુરૂં સુખ વિચારતા પસ્તાય છે, તેમ સાધુપણું મુકેલો સાધુપણાના સુખને પછી વિચારતા ધર્મ

ભ્રષ્ટ થએલો પસ્તાય છે, એટલે સાધુપણામાં ક્ષમા વિગેરેનો ધર્મ છે, તે છોડીને ક્રોધ કરે તો ઠપકા ઉભા થતાં રાત્રીના વખતે સુખે સુવું પણ દુર્લભ થાય છે, અને સાધુપણામાં ક્ષમાથી લોકમાં પૂર્વે પૂજાતો અને તે પાછળથી ક્લેશ કરતો જોઇ લોકો નિંદા કરે છે, તે વખતે ખરેખરો પોતે પસ્તાય છે.

जया अ वंदिमो होइ, पच्छा होइ अवंदिमो।
देवया व चूआ ठाणा, स पच्छा परितप्पइ ॥३॥

પહેલાં સાધુપણામાં લોકથી વંદાય છે, અને પાછળથી સાધુપણું છોડી દેતાં નિંદાને પાત્ર બને છે, તેથી જેમ ઇંદ્ર દેવીને કાઢી મુકે તો તે દેવી સ્થાન ભ્રષ્ટ થતાં પસ્તાય છે, તેમ આ ભ્રષ્ટ સાધુને પણ પસ્તાવો થય. સિવાય રહે તો નથી.

जया अ पूइमो होइ, पच्छा होइ अपूइमो।
राया व रज्जपब्भट्ठो, स पच्छा परितप्पइ॥४॥

પ્રથમ વસ્ત્ર વિગેરેથી પૂજાતો તે પાછળથી સાધુપણું છોડી દેતાં અપૂજ્ય થાય છે, તેથી જેમ રાજા રાજભ્રષ્ટ થએલો પસ્તાય છે, તેમ તે સાધુ પણ પાછળથી પસ્તાય છે.

जया अ माणिमो होइ, पच्छा होइ अमाणिमो।
सिट्ठि व्व कब्बडे छूढो, स पच्छा परितप्पइ॥५॥

પ્રથમ તે માનનીય હતો, તેના શીલના પ્રભાવથી સર્વે લોકો તેની આજ્ઞા પાળતા અને ઉભા થઈને માન આપતા હતા, પણ સાધુપણું છોડી દેવાથી પાછળથી કોઇપણ માન આપે નહીં. તેથી જેમ કોઈ શેઠીઓ મોટું શહેર છોડીને નાના ગામમાં રહેવા ગયા પછીથી પસ્તાય છે, તેમ આવા સાધુના પાછળથી એ હાલ થતાં પસ્તાય છે.

जया अ थेरओ होइ, समइक्कंतजुव्वणो ।
मच्छु व्व गलं गिलित्ता, स पच्छा परितप्पइ ॥६॥

જ્યારે સાધુપણું છોડીને ઘેર જાય, અને જુવાની જતાં બુઢાપામાં પસ્તાવો થાય છે, જેમકે માછલું લોઢાના સળીઆ મા માસના લોભથી ફસાતાં ગળામાં લોખંડના કાંટા લાગતાં પસ્તાય છે, તેવી રીતે આ ભ્રષ્ટ સાધુ બુઢાપામાં તે ભોગનાં કડવા ફળરૂપ ઘરના માણસોની ચિન્તાથી બળતો હમેશાં પસ્તાય છે.

जया अ कुकुडुंबस्स, कुतत्तीहिं विहम्मइ ।
हत्थी व बंधणे बद्धो, स पच्छा परितप्पइ ॥७॥

જેમ છુટો હાથી સાંકળે બંધાવાથી પસ્તાય છે, તેમ પાપના ઉદયથી સાધુ ભ્રષ્ટ થઈ ઘેર જતાં ખરાબ કુટુંબ એટલે કુમારજા વિગેરેને સમજાવવાનાં ઠાંન ન થવાથી તેની ચિન્તામાં બળતો પસ્તાય છે.

पुत्तदारपरीकिण्णो, मोहसंताणसंतओ ।
पंकोसन्नो जहा नागो, स पच्छा परितप्पइ ॥८॥

વિષય સુખના માટે સાધુપણું છોડીને સ્ત્રી પરણતાં સ્ત્રી અને પુત્ર વિગેરે ઉપર મોહ વધતાં પછી ક્રિયા સંબંધની પણ બુદ્ધી જતાં હાય પોકમાંજ દીવસો ગુજારતાં કાદવમાં ખુંચેલા વનના હાથીની માફક પસ્તાય છે, કે અરે રે! મેં આ કેવું મુર્ખાઈનું કૃત્ય આદર્યું કે જેથી મારી આવી દુર્દશા થઈ છે.

अज्ज आहं गणी हुंतो, भाविअप्पा बहुस्सुओ ।
जइऽहं रमंतो परिआए, सामण्णे जिणदेसिए ॥९॥

કોઈ બુદ્ધિમાન સાધુ દિક્ષા મુકયા પછી આ પ્રમાણે પશ્ચાતાપ કરે છે કે જો હું આજ સુધી સાંયમમાં બરાબર રહ્યો હોત તો આચાર્ય પદ પામ્યો હોત ! અને આત્માની ભાવના ભાવવા વડે બહુ શ્રુત બન્યો હોત ! એટલે આ લોક પરલોકનું હિત કરનાર જે જૈન સિદ્ધાંત છે, તે ભણ્યો હોત ! (પણ ભગવાનના વચનમાં રમણતા ન કરી. સાધુપણું ન પાળ્યું તેથી આવી અધમ દશાને હું પામેલો છું) (મૂળ શ્લોકમાં પર્યાય છતાં શ્રામણ્ય શબ્દ લેવાનું કારણ એ છે કે પર્યાય ઘણા અર્થમાં વપરાય છે. માટે લીધો છે. તથા જિન દેશિત શબ્દ મુકવાનું કારણ એ છે કે બૌદ્ધના પણ

સાધુ પોતાના સાધુપણાને શ્રામણ્ય કહે છે, તેથી તેને જુદું પાડવા માટે લીધેલ છે.)

देवलोगसमाणो अ, परिआओ महेसिणं ।
रयाणं अरयाणं च, महानरयसारिसो ॥१०॥

પડવાની ઈચ્છાવાળાને ફરીથી શુદ્ધ બોધ આપે છે. જેઓએ ચારિત્ર છોડયું તેઓ પાછળથી કેવી રીતે પસ્તાય છે તે સાંભળો, સારા સાધુઓનો દીક્ષા પર્યાય દેવલોક સમાન છે કારણ કે દેવલોકમાં નાટક વિગેરે જોવામાં લીન થઈને નિશ્ચિંત પડ્યા [illegible] છે. તેમ સાધુઓ સ્થિર મનથી પોતાના ભણવા ગણવામાં અને દરેક વિધિએ પડિલેહણા (વસ્ત્ર વિગેરે જોવા) માં એક ધ્યાનવાળા છે. વળી આવી રીતે પરસ્પર જીવની રક્ષા [illegible] તેઓને નિર્ભયપણું હોવાથી દેવલોક સમાન આચરણ યોગ્ય ચારિત્ર પર્યાય છે, પણ એવા રત્ન ન હોય તેમને સાધુપણાના વર્ણનમાં અરમણતા થવાથી તથા ગાયન વિગેરેના વિષયમાં આગ્રહ થવાથી [illegible] સાધુવેષને [illegible] કરનારા [illegible] ક્ષુદ્ર જીવોને આ સાધુપણું પાળવું, તે [illegible] [illegible] દુઃખથી ભયકારી લાગે છે, (વળી [illegible] પાળે તે. અહીં દેવલોક સમાન [illegible] [illegible] [illegible] દેવલોક [illegible] ચારિત્રના [illegible]

परलोकाविरूद्धानि, कुर्वाणं दुरतस्त्यजेत् ।
आत्मानं योऽभिसंधत्ते,सोऽन्यस्मै स्यात्कथं हितं?३।

પરલોકનું વિરૂદ્ધ કાર્ય કરનારાને દૂરથી છોડવો જોઇએ જે પોતે દુર્ગતિમાં જાય, તે બીજાને હીત કરનારો કેવી રીતે થાય. ?

ब्रह्महत्या सुरापानं, स्तेयं गुर्वङ्गनागमः
महान्ति पातकान्याहुरेभिश्च सह संगमम् ?॥४॥

બ્રહ્મહત્યા દારૂપીવો ચોરી કરવી ભણાવનારા ગુરૂની સ્ત્રીનો સંગ કરવો, વિગેરે મહાન પાપો પાપીઓની સોબત કરનારા માણસોને છે, (એવું અન્ય શાસ્ત્રો પણ કહે છે.)

संवच्छरं वाऽवि परं पमाणं, वीअं च वासं न
तहिं वसिज्जा । सुत्तस्स मग्गेण चरिज्ज भिक्खु,
सुत्तस्स अत्थो जह आणवेइ ॥११॥

જ્યાં ચેમાસું રહ્યું હોય અથવા એક માસ કલ્પ કર્યો હોય, ત્યાં ચામાસું બીજું માસ ન રહેવું, એટલે બે વરસ છોડીને પછી ચોમાસું કરે એથી વધારે શું કહે, પણ દરેક રીતે સિદ્ધાંતના કહેવા મુજબ સાધુ ચાલે, તેમ પૂર્વ અને પછી

એ બંનેમાં વિરોધ ન આવે, એવો યુક્તિ એ પ્રમાણ તથા પરમાર્થ સાધનરૂપ ઉત્સર્ગ અપવાદ સહીત જેમ શાસ્ત્રમાં કહ્યું હોય, તે પ્રમાણે પોતે વર્તે એટલે જરૂર પડતાં કારણે રહેવું પડેતો દરમાસે સાધુ સંથારો ગોચરી વિગેરે બદલતો રહે. તે પ્રમાણે વાંદણાં પ્રતિક્રમણ વિગેરેમાં પણ વિધિસર અનુષ્ઠાન કરતો રહે, પણ લોકની હેરી (ચીડવાટ)થી ખેદ પામીને મૂકી ન દે, જો મૂકીદે તો આ શાતના થાય. આ પ્રમાણે જુદે જુદે સ્થાને વિચરતો આ તેના ગુણોના ઉપાય બતાવે છે.

जो पुव्वरत्तावररत्तकाले, संपेहए अप्पगमप्पगेणं। किं मे कडं किं च मे किच्चसेसं, किं सक्कणिज्जं न समायरामि ॥१२॥

મેં શું કર્યું, અને શું કરવાનું છે, તે મધ્ય રાત્રીએ ઉઠીને વિચારવું, અને ઉમરના પ્રમાણમાં મારે શું શક્ય છે.? "અને તે પ્રમાણે હું કેટલું આચરૂં છું. એ બધું શાસ્ત્ર રીતીએ વિચારવું." જો તે નહીં કરૂં તો ગએલો કાળ ફરીથી આવવાનો નથી.

किं मे परो पासइ किंच अप्पा, किं वाऽहं खलिअं न विवज्जयामि। इच्चेव सम्मं अणुपासमाणो,

શ્રમણ કરવું પડે, પણ સૂત્રમાં લખ્યા પ્રમાણે અપ્રમાદ પણે આત્માની રક્ષા કરવામાં આવે, તો શરીર અને મનના અનેક પ્રકારના દુ:ખોથી મૂકાય છે, જેથી જન્મ મરણ ફરીથી ન થાય, અનેએકાન્ત શ્રેષ્ટ શાન્તિપદ (મોક્ષ)ની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે સુધર્મા સ્વામી કહે છે. વિગેરે પૂર્વ માફક જાણવું.

હવે બાકી રહેલી વકતવ્યતાને કહે છે.

छहिं मासेहि अहीअं,अज्झयणमिणं तु अज्जमणगेणं।
छम्मासा परिआओ, अह कालगओ समाहीए३७०

છ માસે આ દશ વૈકાલિક નામનું અધ્યયન આર્યમનક (મનક મુનિનામના સાધુ) એ ભણ્યું. (આર્ય શબ્દનો અર્થ એ છે કે ત્યાગવા યોગ્ય જે પાપો છે તેનાથી શીઘ્ર દૂર થાય છે. તે આર્ય, અને મનક એવું નામ એ બંનેમળી, આર્ય મનક શબ્દ થયો છે. તેમનું આયુષ્ય દીક્ષા લીધા પછી છમાસ હતું તેટલામા આ સૂત્ર ભણીને આગમમાં કહેલી વિધિએ શુભ લેશ્યાના ધ્યાનવડે સ્વર્ગવાસ થયા. અહીઆં વૃદ્ધવાદ (પૂર્વાચાર્યનું કથન) આ પ્રમાણે છે કે જેમ મનક સાધુએ દશ વૈકાલિક સૂત્રભણી આરાધના કરી તેમ બીજાઓને પણ તે ભણવાથી આરાધના થાઓ.

आणंदअंसुपायं कासी सिज्जंभवा तहिं थेरा ।

जसभद्दस्सय पुच्छा कहणा अ विआलणा संघे२७४

જ્યારે તેનું મરણ થયું, ત્યારે મનક સાધુના ગુરૂ જે આ સૂત્રના ઉદ્ધારક છે, તે શય્યમ્ભવ સૂરિએ આંખમાંથી હર્ષનાં આંસુ મૂક્યાં કે એણે સારી રીતે સૂત્રની આરાધન કરી છે, તે વખતે ગુરૂની આંખમાં આંસુ જોઇને તેમના પ્રધાન શિષ્ય યશોભદ્ર મહારાજે પૂછ્યું કે સાધુને રાગ ન હોય, છતાં એક શિષ્યના મરણથી આપને આવો સંસાર સ્નેહ કેમ થયો.? ગુરૂએ ખુલાસો કર્યો કે આ ગ્રહસ્થ પણાનો મારો પુત્ર છે. અને તેણે સારી આરાધના કરી, તેથી મને હર્ષનાં આંસુ આવ્યાં છે. તેથી બધા શિષ્યો પશ્ચાતાપ કરવા લાગ્યા, કે હે પૂજ્ય ! આપે પ્રથમ હમોને કેમ ન કહ્યું ? અમો ગુરૂ પુત્રની સેવા કરત.

ગુરૂએ કહ્યું કે તેમાં તમારો દોષ નથી, પણ તે શિષ્ય સાધુઓની સેવા કરે, તેથી તેને સૂત્ર ભણવાની સાથે વૈયાવચ્ચનો પણ મહાન લાભ થાય, પણ જો મેં કહ્યું હોત તો તમો તેની પાસે સેવા કરાવત નહી, તો તેને વૈયા વચ્ચનો લાભ મલતે નહીં, આ દશ વૈકાલિક સૂત્ર તેના છમાસના અલ્પ આયુષ્ય માટે મેં ઉદ્ધર્યું છે, તે વખતે સંઘે જાણ્યું. અને ભવિષ્યમાં પડતાકાળમાં ઘણા જીવોને આ ટુંકામાં મહાન સારવાળું સૂત્ર લાભકારક થશે; એથી તે-સ્રયમ રહેવાદો. એવી સંઘે

